Sunday
25.02.2024
✳Volume :8 ✳ Issue No.214
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ સહકારી ક્ષેત્ર માટે વિવિધ મુખ્ય પહેલોના ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા

૧૧ રાજ્યોના 11 PACSમાં 'સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના'ના પાયલોટ પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું

ગોડાઉનો અને અન્ય કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે દેશભરમાં વધારાના ૫૦૦ પીએસીએસ માટે શિલારોપણ કર્યું

"સહકારી ક્ષેત્ર સ્થિતિસ્થાપક અર્થતંત્રને આકાર આપવામાં અને ગ્રામીણ વિસ્તારોના વિકાસને વેગ આપવા માટે મહત્ત્વપૂર્ણ છે"

દેશભરમાં 18,000 PACS માં કોમ્પ્યુટરાઇઝેશન માટેના પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે સહકારી ક્ષેત્ર માટે વિવિધ મુખ્ય પહેલોનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા હતા. પ્રધાનમંત્રીએ 'સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના'ના પાયલોટ પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હતું, જે ૧૧ રાજ્યોની ૧૧ પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટીઓ (પીએસીએસ) માં થઈ રહ્યું છે. પ્રધાનમંત્રીએ આ પહેલ હેઠળ ગોડાઉનો અને અન્ય કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાનિર્માણ માટે દેશભરમાં વધારાના ૫૦૦ પીએસીએસ માટેશિલારોપણ પણ કર્યું હતું. આ પહેલનોઉદ્દેશ નાબાર્ડ દ્વારા સમર્થિત અને નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનસીડીસી) દ્વારા સંચાલિત સંયુક્ત પ્રયાસ સાથે પીએસીએસ ગોડાઉનોને અનાજની પુરવઠા શ્રુંખલા સાથે સંકલિત કરવાનો, ખાદ્ય સુરક્ષાને મજબૂત કરવાનો અને દેશમાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ પહેલનો અમલ વિવિધ વર્તમાન યોજનાઓ જેવી કે એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (એઆઈએફ), એગ્રિકલ્ચર માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (એએમઆઈ) વગેરેના સમન્વય દ્વારા કરવામાંઆવી રહ્યોછે, જેથી પ્રોજેક્ટમાંસહભાગી પીએસીએસને માળખાગત વિકાસ હાથ ધરવા માટે સબસિડી અને ઈન્ટરેસ્ટ સબવેન્શન લાભો મેળવવા સક્ષમ બનાવી શકાય. પ્રધાનમંત્રીએ દેશભરમાં18,000 PACS માં કમ્પ્યુટરાઈઝેશન માટેના પ્રોજેક્ટનું ઉદઘાટન પણકર્યું હતું, જે સહકારી ક્ષેત્રને પુનર્જીવિત કરવાઅને નાના અને સીમાંત ખેડૂતોને સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે સરકારના "સહકાર સે સમૃદ્ધિ"નાવિઝન સાથે સુસંગતછે. આપ્રસંગેપ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ભારત મંડપમ વિકાસશીલ ભારતની સફરમાં વધુ એક સીમાચિહ્નરૂપ છે, એટલે કે 'સહકારથીસમૃદ્ધિ'નીદિશામાંએક ડગલું આગળ વધી રહ્યું છે. સહકારની શક્તિ કૃષિ અને કૃષિના પાયાને મજબૂત કરવામાંબહુ મોટી ભૂમિકા ભજવે છે, જેના કારણે સહકારમાટે અલગમંત્રાલય બન્યું છે. તેમણે જણાવ્યુંહતું કે, આજે શરૂ કરવામાં આવેલી 'સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના'ને પરિણામે દેશનાં દરેક ખૂણામાં હજારો વેરહાઉસ અને ગોડાઉનો સ્થપાશે. આ અને અન્ય પ્રોજેક્ટ્સ જેવા કે પીએસીના કમ્પ્યુટરાઈઝેશનથીદેશમાં કૃષિને નવા પરિમાણો મળશે અને ખેતીનું આધુનિકીકરણ થશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતુંકે, સહકારી મંડળીઓ ભારત માટે પ્રાચીન વિભાવના છે. એક ધર્મગ્રંથને ટાંકીને પ્રધાનમંત્રીએ સમજાવ્યું હતું કે, જો નાનાં સંસાધનોને એકસાથે જોડવામાં આવે તો મોટું કાર્ય પૂર્ણ થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે, ભારતમાં પ્રાચીન રીતે ગામડાંઓની વ્યવસ્થામાંઆ મોડલનું પાલન થતું હતું. "સહકારી મંડળીઓ એ ભારતના ઉદારમતવાદી સમાજનો પાયો હતો. તે માત્ર કોઈ સિસ્ટમ જ નથી, પરંતુ એક માન્યતા, એક ભાવના છે." પીએમ મોદીએ ટિપ્પણી કરી હતી કે, સહકારી મંડળીની આ ભાવનાસિસ્ટમ અને સંસાધનોની સીમાઓનીબહાર છે અને અપવાદરૂપ પરિણામો આપે છે. તેમણે જણાવ્યું હતું કે, તેમાં દૈનિક જીવન સાથે સંબંધિત સામાન્ય વ્યવસ્થાને વિશાળ મહેનતુ વ્યવસ્થામાં પરિવર્તિત કરવાની સંભવિતતા છે તથા ગ્રામીણ અને કૃષિ અર્થતંત્રનાં બદલાતાં ચહેરાનું સાબિત થયેલું પરિણામ છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યુંહતું કે, આ નવા મંત્રાલય મારફતે સરકારનું લક્ષ્ય ભારતનાં કૃષિ ક્ષેત્રની ખંડિત શક્તિઓને એકમંચ પર લાવવાનું છે. ખેડૂત ઉત્પાદક સંગઠન (એફપીઓ) નુંઉદાહરણ આપીને પ્રધાનમંત્રીએ ગામડાંઓમાં નાનાં ખેડૂતો વચ્ચે વધતી ઉદ્યોગસાહસિકતાની નોંધ લીધી હતી. તેમણેજણાવ્યું હતુંકે, અલગ મંત્રાલય હોવાને કારણે દેશમાં ૧૦,૦૦૦ એફપીઓના લક્ષ્યાંકમાંથી ૮૦૦૦ એફપીઓ કાર્યરત છે. સહકારી મંડળીઓનો લાભ હવે માછીમારો અને પશુપાલક સુધીપણ પહોંચીરહ્યોછે. મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે ૨૫,૦૦૦થી વધુ સહકારી એકમો કાર્યરત છે. પ્રધાનમંત્રીએ આગામી વર્ષોમાં ૨,૦૦,૦૦૦ સહકારી મંડળીઓની સ્થાપના કરવાના સરકારના લક્ષ્યાંકનો પુનરોચ્ચાર કર્યો હતો. ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકેનાં પોતાનાં અનુભવોને યાદ કરીને પ્રધાનમંત્રીએ અમૂલ અને લિજ્જત પાપડની સફળતાની ગાથાઓને સહકારી મંડળીઓનાં બળ તરીકે ટાંક્યાં હતાં તથા આ સાહસોમાં મહિલાઓની કેન્દ્રીય ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. સરકારે સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલી નીતિઓમાં મહિલાઓને પ્રાથમિકતાઆપી છે. તેમણે મલ્ટિ-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટમાં સુધારોકરીને મહિલાઓ માટે બોર્ડનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતુંકે, સહકારીમંડળીઓ સામૂહિક તાકાત સાથે ખેડૂતોની વ્યક્તિગત સમસ્યાઓનું સમાધાન કરવાની સંભવિતતા ધરાવે છે તથા તેમણે સંગ્રહનું ઉદાહરણ આપ્યું હતું. સ્ટોરેજઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવને કારણે ખેડૂતોને થયેલા નુકસાન તરફ ધ્યાન દોરતા, પ્રધાનમંત્રીએ સરકારદ્વારા શરૂકરવામાં આવેલી અને આગામી૫ વર્ષમાંરૂ. ૧.૨૫ લાખ કરોડના ખર્ચે પૂર્ણ થનારી ૭૦૦ લાખ મેટ્રિક ટનની વિશ્વની સૌથી મોટી સ્ટોરેજ યોજના તરફ ધ્યાન દોર્યુંહતું. તેમણે જણાવ્યું હતું કે તેનાથી ખેડૂતો પોતાની ઉપજનો સંગ્રહ કરી શકશે અને પોતાની જરૂરિયાતમુજબ યોગ્યસમયે તેનું વેચાણ કરી શકશે અને સાથેજ બેંકો પાસેથી લોન મેળવવામાં પણ મદદ મળશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "વિકસિત ભારતની રચના માટે કૃષિ વ્યવસ્થાઓનું આધુનીકરણ પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે." પીએસીએસ જેવી સરકારી સંસ્થાઓ માટે નવી ભૂમિકા ઊભી કરવા માટે સરકારના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ સમિતિઓ જન ઔષધિ કેન્દ્રો તરીકે કાર્યરત છે જ્યારે હજારો પીએમ કિસાન સમૃદ્ધિ કેન્દ્રો પણ ચલાવવામાં આવી રહ્યા છે. તેમણે પેટ્રોલ, ડીઝલ અને એલપીજી સિલિન્ડરના વિસ્તારોમાં કાર્યરત સહકારી સમિતિઓનો પણ ઉલ્લેખ કર્યો હતો, જ્યારે પીએસીએસ કેટલાક ગામોમાંજળ સમિતિઓની ભૂમિકા પણ ભજવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તેનાથી લોન સમિતિઓની ઉત્પાદકતામાં વધારો થયોછે અને આવકનાં નવા સ્ત્રોતોનું સર્જન પણ થયું છે. તેમણે ઉમેર્યું હતું કે,"સહકારી સમિતિઓ હવે ગામડાઓમાં સામાન્ય સેવા કેન્દ્રો તરીકે કામ કરી રહીછે અને સેંકડો સુવિધાઓ પ્રદાન કરે છે." તેમણે ઉમેર્યું હતું કે, મોટા પાયે ખેડૂતો સુધી સેવાઓ પહોંચાડવા માટે ટેકનોલોજી અને ડિજિટલ ઈન્ડિયાના ઉદભવની નોંધ લીધી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે,

"સહકારી મંડળીઓ દૈનિક જીવન સાથે સંબંધિત સામાન્ય સિસ્ટમને એક વિશાળ ઉદ્યોગ પ્રણાલીમાં રૂપાંતરિત કરવાની ક્ષમતા ધરાવે છે, અને તે ગ્રામીણ અને કૃષિ અર્થતંત્રનો ચહેરો બદલવાનો એક સાબિત માર્ગ છે"

તેનાથી ગામડાઓમાં યુવાનો માટે રોજગારીની નવી તકોનું સર્જન થશે. પ્રધાનમંત્રીએ વિકસિત ભારતની યાત્રામાં સહકારી સંસ્થાઓનાં મહત્ત્વની રૂપરેખા આપી હતી. તેમણે તેમને અત્મનિર્ભર ભારતનાં લક્ષ્યાંકોમાં પ્રદાન કરવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "વિકાસશીલભારત અખંડ ભારત વિના શક્ય નથી. તેમણે સૂચવ્યું હતું કે, સહકારી મંડળીએ એવી ચીજવસ્તુઓની યાદી બનાવવીજોઈએ, જેનામાટે આપણે આયાત પર નિર્ભર છીએ અને સહકારી ક્ષેત્ર સ્થાનિક સ્તરે તેનું ઉત્પાદન કરવામાં કેવી રીતે મદદ કરી શકે છે તેની તપાસ કરવી જોઈએ.

તેમણેખાદ્યતેલનું ઉદાહરણ એક ઉત્પાદન તરીકે આપ્યું જે લઈ શકાય. તે જ રીતે, ઈથેનોલ માટે સહકારી દબાણ ઊર્જાની જરૂરિયાતો માટે તેલની આયાત પરની નિર્ભરતાને ઘટાડી શકે છે. કઠોળની આયાત એ બીજું ક્ષેત્ર છે જે પ્રધાનમંત્રીએ વિદેશી અવલંબન ઘટાડવા માટે સહકારી મંડળીઓ માટે સૂચવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સહકારી મંડળીઓ દ્વારા ઘણી ચીજવસ્તુઓનું ઉત્પાદન પણ હાથ ધરવામાં આવી શકે છે. પ્રધાનમંત્રીએ કુદરતી ખેતીમાં સહકારી મંડળીઓની ભૂમિકા પર પણ ભારમૂક્યો હતોઅને ખેડૂતોને ઊર્જાદાતા (ઊર્જા પ્રદાન કરનાર) અને ઉર્વરકદાતા (ખાતરનો પુરવઠો પૂરો પાડનારા)માં પરિવર્તિત કર્યા હતા. તેમણે કહ્યું કે ખેતરોની સરહદો પર રૂફટોપ સોલર અને સોલર પેનલ્સને સહકારી પહેલ માટેના ક્ષેત્રો તરીકે જોઈ શકાય છે. ગોબર ધનમાંપણ આવોજ હસ્તક્ષેપ શક્ય છે, બાયો સીએનજીનું ઉત્પાદન, ખાતર અને વેસ્ટટુ વેલ્થ.

વિકસિત ભારત માટે કૃષિ પદ્ધતિઓનું આધુનીકરણ આવશ્યક છે"

આનાથી ખાતરની આયાતના બિલમાં પણ ઘટાડો થશે, એમ તેમણે જણાવ્યું હતું.તેમણે સહકારી મંડળીને નાના ખેડૂતોના પ્રયાસોના વૈશ્વિક બ્રાન્ડિંગમાં આગળ આવવા જણાવ્યું હતું. તેમણે શ્રી અન્ન-મિલેટને વૈશ્વિક સ્તરે ડાઈનિંગ ટેબલ પર ઉપલબ્ધ કરાવવાપણ જણાવ્યું હતું. ગ્રામીણ આવક વધારવામાં સહકારી મંડળીની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરતા પ્રધાનમંત્રીએ તેમનાં મતવિસ્તાર કાશીમાં ડેરી સહકારી મંડળીની અસરની નોંધ લીધી હતી. મધનું ઉત્પાદન ૭૫ હજાર મેટ્રિક ટનથી વધીને ૧.૫ લાખ મેટ્રિક ટન અને મધની નિકાસ છેલ્લા ૧૦વર્ષમાં ૨૮ હજાર મેટ્રિક ટનથી વધીને ૮૦ હજાર મેટ્રિક ટન થઈ હોવાથી મધ ક્ષેત્રે સહકારી મંડળીઓએ કરેલી હરણફાળની પણ તેમણે નોંધલીધીહતી. નાફેડ, ટ્રાઈફેડ અને રાજ્ય સહકારી મંડળીઓની ભૂમિકાને સ્વીકારીને પ્રધાનમંત્રીએ આ સંસ્થાઓના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવા જણાવ્યું હતું. ડિજિટલ પેમેન્ટ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના ફાયદાઓ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ PACS દ્વારા ડાયરેક્ટ અને ડિજિટલ પેમેન્ટની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે તેમને સોઈલ ટેસ્ટિંગ માટે આગળ આવવા અને સોઈલ હેલ્થ કાર્ડ અભિયાનને સફળ બનાવવા પણ જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ સહકારી મંડળીઓમાં યુવાનો અને મહિલાઓનું પ્રદાન વધારવા ધ્યાન દોર્યું હતું. તેમણે સૂચન કર્યું કે સહકારી મંડળી સાથે સંકળાયેલા ખેડુતોને જમીનના સ્વાસ્થ્યનું વિશ્લેષણ કરવાઅને તે મુજબ ઉત્પાદન કરવાનું શીખવવામાં આવે. તેમણે કહ્યું હતું કે, તેનાથી નવું વાતાવરણ ઊભું થશે અને આ ક્ષેત્રને પુનઃ ઊર્જા મળશે. પ્રધાનમંત્રીએ સહકારી ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ અને તાલીમ વિશે જાગૃતિ લાવવા પર પણ ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "પીએસીએસ અને સહકારી મંડળીઓએ પણ એકબીજા પાસેથી શીખવું પડશે." પ્રધાનમંત્રીએ શ્રેષ્ઠ પદ્ધતિઓ વહેંચવા માટેએક પોર્ટલ, ઓનલાઈન તાલીમ માટેની વ્યવસ્થા અને શ્રેષ્ઠ પદ્ધતિઓને આગળ વધારવામોડ્યુલની રચના કરવાનું સૂચન કર્યું હતું. મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ વિશે બોલતા પ્રધાનમંત્રીએ જિલ્લાઓ વચ્ચે સ્વસ્થ સ્પર્ધા ઊભી કરવાનો ઉલ્લેખ કર્યો હતો અને સહકારી ક્ષેત્રમાંપણ આજ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવાનુંસૂચન કર્યુંહતું. તેમણે લોકોનો વિશ્વાસ વધારવા માટે સહકારી સંસ્થાઓની ચૂંટણીમાં પારદર્શિતા લાવવાના મહત્વ પર પણભાર મૂક્યોહતો. પ્રધાનમંત્રીએ સહકારી મંડળીઓને સમૃદ્ધિનો આધાર બનાવવાના સરકારના પ્રયાસો પર પ્રકાશપાડ્યોહતો અને રૂ. ૧ કરોડથી રૂ. ૧૦ કરોડની આવક ધરાવતીસહકારી મંડળીઓ પરનો સેસ ૧૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરવાનો ઉલ્લેખ કર્યો હતો. આનાથી સમિતિઓ માટે મૂડીમાં વધારો થયો છે, જ્યારે એક કંપની તરીકે આગળ વધવા માટે વિવિધ માર્ગો પણ ખોલ્યા છે. તેમણે સહકારી મંડળીઓ અને કંપનીઓ વચ્ચે વૈકલ્પિક કરવેરામાં ભેદભાવ તરફ ધ્યાન દોર્યું હતું અને સોસાયટીઓ માટે લઘુત્તમ વૈકલ્પિક કર ૧૮.૫ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરવાનો ઉલ્લેખ કર્યો હતો, જેથી સહકારી મંડળીઓ અને કંપનીઓ વચ્ચે સમાનતા સ્થાપિત થશે. પ્રધાનમંત્રીએ ઉપાડ પર ટીડીએસની સમસ્યાનું સમાધાન કરવા ઉપાડની મર્યાદા વાર્ષિક રૂ. ૧ કરોડથી વધારીને રૂ. ૩ કરોડ કરવાપણ જણાવ્યુંહતું. સંબોધનના સમાપનમાં પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સહકારની દિશામાં સંયુક્ત પ્રયાસોથી દેશની સામૂહિક તાકાત સાથે વિકાસની તમામસંભાવનાઓ ખુલીજશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રીઅમિત શાહ, કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી અર્જુન મુંડા અને કેન્દ્રીય વાણિજ્ય મંત્રી શ્રી પિયુષ ગોયલ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતની ૨૬ માંથી ૨૬ લોકસભાની સીટ ભારતીય જનતા પાર્ટી જીતશે અને દરેક સીટ પર ૦૫ લાખની લીડ મેળવવાનો જે સંકલ્પ છે એ પણ અમે ચોક્કસ પૂર્ણ કરીશું:- શ્રી સી.આર.પાટીલ

મને વિશ્વાસ છે કે જેમ ગત વિધાનસભા ચૂંટણીમાં ૧૨૬ સીટ પર આપની ડિપોઝિટ ગઈ હતી એમાં આ વખતે બે જ સીટ લડવાની તૈયારી બતાવે છે કે પોતે હાર માની લીધી છે :- શ્રી સી.આર.પાટીલ

આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત માન.પ્રદેશ અદયક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રેસ વાર્તાને સંબોધન કર્યું

કમલમ્ ન્યુઝ,
ભારતીય જનતા પાર્ટી ગુજરાતપ્રદેશમીડિયાવિભાગએક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રેસ વાર્તાને સંબોધન કર્યું. માન.પ્રદેશઅધ્યક્ષશ્રીસીઆર.પાટીલજીએ પ્રેસ વાર્તાને સંબોધન કરતાં જણાવ્યુ કે, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બંને દિવાસ્વપ્ન જોઈ રહ્યાછે વાસ્તવિક ભૂમિપર આવવા માટેની તેમની તૈયારી નથી. આમ આદમી પાર્ટીની વાત કરીએ તો ચૈતર વસાવા સિવાય ભરુચની કુલ ૦૭ વિધાનસભા બેઠકમાંથી ૦૪ બેઠક પર આમ આદમી પાર્ટીએ ડિપોઝિટ ગુમાવી હતી. ભાવનગર અને ભરુચ બંને લોકસભા સીટ અમારી મજબૂત સીટ છે જે અમે વર્ષોથી જીતતા આવ્યા છીએ. જનમત ગુમાવી ચૂકેલા બંને ભેગા થઈને ગુજરાત જીતવા માટેના દિવાસ્વપ્ન જોઈ રહ્યા છે. મને વિશ્વાસછે કેજેમ ગઈવખત ૧૨૬ સીટ પર આપની ડિપોઝિટ ગઈ હતી એમાંથી આવખતે બે જ સીટ લડવાની તૈયારી બતાવે છે કે પોતે હાર માની લીધી છે. કોંગ્રેસે ગત ચૂંટણીમાં ૪૪ સીટો પર એની ડિપોઝિટ ગુમાવી હતી અને ૧૭ બેઠકો જીત્યા હતા એમાંથી ઘણા બધા ઓછા થઈ ગયા છે. આવી સ્થિતિમાં કોંગ્રેસના જ ચૂંટાયેલા લોકો જીતની શક્યતા જોઈ શકતા નથી ત્યારે આવા ગઠબંધનને ગુજરાતમાં કોઈ જશ મળવાની શક્યતા નથી. શ્રી સી.આર. પાટીલજીએ વધુમાં જણાવ્યુ કે, આ રીતેગઠબંધન કરીને ગુજરાતનીપ્રજાને ખોટાઠાલા વચનો આપીને ભરમાવાનો પ્રયત્ન આજદિન સુધી કરતાં આવ્યા છો, હવે ગુજરાતનીપ્રજા જાગીગઈ છે. ગુજરાતની પ્રજા હવે જાણે છે કે કેટલાક લોકો ચૂંટણી ટાણે જેમ વરસાદમાં દેડકા આવી જતાં હોય તેમ બહાર આવે છે અને જ્યારે ચૂંટણી પૂર્ણ થાય ત્યારે આપમેળે ગાયબ થઈજતાંહોય છે. ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણી પછી ગુમ થયેલા લોકો ફરીવાર ગુજરાતમાં ચૂંટણી ટાણે આવનારા લોકોને ગુજરાતની પ્રજા સારી રીતે ઓળખે છે. મને વિશ્વાસછે કે, આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં જ્યારે દેશમાં ભારતીય જનતા પાર્ટીની ૩૭૦ સીટ અને NDA માં ૪૦૦ સીટ જીતવાના સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટી આગળ વધી રહી છે ત્યારે આદરણીય મોદી સાહેબના નેતૃત્વમાં આ ભવ્ય જીતનું લક્ષ્ય પ્રાપ્ત કરીશું. ગુજરાતની ૨૬ માંથી ૨૬ લોકસભાની સીટ ભારતીય જનતા પાર્ટી જીતશે અને દરેક સીટ પર ૦૫ લાખની લીડ મેળવવાનો જે સંકલ્પ છે એ પણ અમે ચોક્કસ પૂર્ણ કરીશું.

૨૦૨૨ વિધાનસભાની ચૂંટણી પછી ગુમ થયેલા ગુજરાતમાં લોકસભા ચૂંટણી ટાણે આવનારા લોકોને ગુજરાતની પ્રજા સારી રીતે ઓળખે છેઃ- શ્રી સી.આર.પાટીલ

કોંગ્રેસના જ ચૂંટાયેલા લોકો જીતની શક્યતા જોઈ શકતા નથી ત્યારે આવા ગઠબંધનને ગુજરાતમાં કોઈ જશ મળવાની શક્યતા નથીઃ- શ્રી સી.આર.પાટીલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદના સંસ્કારધામ કેમ્પસમાં 'ખેલે સાણંદ – સ્પોર્ટ્સ લીગ'નો શુભારંભ



કમલમ્ ન્યુઝ,
અમદાવાદના સંસ્કારધામ કેમ્પસમાં વિજયી ભારત ફાઉન્ડેશન દ્વારા આયોજીત 'ખેલે સાણંદ - સ્પોર્ટ્સ લીગ'નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ થયો છે. 'ખેલે સાણંદ સ્પોર્ટ્સ લીગ'ના શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દરેક બાળકોએ સ્પોર્ટ્સની રમતોમાં ભરપૂર ભાગ લઈને ખૂબ રમવું જોઈએ. આ સાથે ૨૦૩૬માં ભારતમાં આયોજિત ઓલમ્પિક માટેની તૈયારીઓ પણ બાળકોએ અત્યારથી જ શરૂ કરી દેવી જોઈએ. આ અવસરે બાળકો સાથે સંવાદ કરતા મુખ્યમંત્રી શ્રી એ કહ્યું કે, વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓનીઓએ મોબાઈલનો ઉપયોગ ઓછો કરવો જોઈએ અને રમતના ગ્રાઉન્ડ ઉપર વધુ રમવું જોઈએ અને પોતાની ગમતી એક રમતમાં આગળ આવવું જોઈએ. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં ગુજરાતમાં વિકાસનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે, તાજેતરમાં જ ૫૭ હજાર કરોડના વિકાસના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ એક જ દિવસમાં થયું છે. આવતીકાલે વધુ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તે ૫૦ હજાર કરોડથી વધુના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવાના છે, આમ વિકસિતભારતનો સંકલ્પ પૂરો થઈ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, 'મોદી ગેરંટી એટલે ગેરંટી પૂરી કરવાની પણ ગેરંટી' અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા તમામ ગેરંટીઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આયોજનબદ્ધ રીતે પૂરી કરવામાં આવી રહી છે. આમ, દેશના નાગરિકોને તમામ મળવાપાત્ર લાભો ઘરે ઘરે સુધી પહોંચી રહ્યાં છે. કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિત શાહના સંસદીય વિસ્તારની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી અમિતશાહ દેશનું ધ્યાન રાખવાની સાથે-સાથે પોતાના સંસદીય વિસ્તારનું પણ એટલું જ ધ્યાન રાખી રહ્યા છે એ આપણા સૌ માટે એક પ્રેરણાદાયક છે. શ્રી અમિત શાહના સંસદીય વિસ્તારમાં સાંસદ ખેલસ્પર્ધાનું પણ ખૂબ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિત શાહના નેતૃત્વમાં દરેક સેક્ટરમાં ખુબ મોટું પરિવર્તન આવ્યું છે અને વિકસિતભારતનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ સાથે સ્વચ્છતા સંદર્ભે સંવાદ કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દરેક બાળકોએ સ્વચ્છતાને લઈને જાગૃત રહેવું જોઈએ અને કચરો હંમેશા ડસ્ટબીનમાં નાખવાનો આગ્રહ રાખવો જોઈએ. અંતમાં મુખ્યમંત્રીશ્રીએ બાળકોને સ્વચ્છતા રાખવાની અપીલ પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેલે સાણંદ -સ્પોર્ટ્સ લીગમાં સાણંદના શહેરી અને ગ્રામીણ વિસ્તારની ૬૦થી વધુ સ્કૂલના ૧૫૦૦થી વધુ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ રહ્યા છે. આ સ્પોર્ટ્સ લીગમાં ત્રણ રમતોમાં રાખવામાં આવી છે, જેમાં ખોખો, કબડ્ડી અને વોલીબોલનો સમાવેશ થાય છે. ખેલે સાણંદ - સ્પોર્ટ્સ લીગના શુભારંભ અવસરે મુખ્યમંત્રી શ્રીએ સૌપ્રથમ કબડ્ડી અને ત્યારબાદ ખો-ખોની ટીમના દરેક બાળકો અને કોચ સાથે મુલાકાત કરી હતી અને ટોસ કરાવીને મેચનો પ્રારંભ પણ કરાવ્યો હતો. આ અવસરે સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ , જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી હર્ષદગીરી ગોસ્વામી, તાલુકા વિકાસ અધિકારીશ્રી નીરજ બારોટ, સંસ્કારધામના ચેરમેન શ્રી ડૉ. આર. કે. શાહ, વિજય ભારત ફાઉન્ડેશનના ચેરમેન શ્રી જલજ દાણી, ડાયરેક્ટર શ્રી દુર્ગેશ અગ્રવાલ, તેમજ સ્કૂલના શિક્ષકો અને વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- દરેક બાળકોએ સ્પોર્ટ્સની રમતોમાં ભરપૂર ભાગ લઈને ખૂબ રમવું જોઈએ
- બાળકોએ મોબાઈલનો ઉપયોગ ઓછો કરવો અને રમતના ગ્રાઉન્ડ ઉપર વધુ રમવું
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં ગુજરાતમાં વિકાસનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે
- તાજેતરમાં ૫૭ હજાર કરોડના વિકાસના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ એક જ દિવસમાં થયું અને આવતીકાલે વધુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૫૦ હજાર કરોડથી વધુના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે
- 'મોદી ગેરંટી એટલે ગેરંટી પૂરી કરવાની પણ ગેરંટી'
- શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિત શાહના નેતૃત્વમાં દેશના દરેક સેક્ટરમાં ખુબ મોટું પરિવર્તન આવ્યું

તંત્રી સ્થાનેથી......

ગીર ગઢડા તાલુકાના જૂડવડલી ખાતે જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે મછુન્દ્રી નદી પર જુડવડલી પીકઅપ વીયર રિચાર્જ યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ અવસર એ મંત્રી શ્રીએ જણાવ્યુંહતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સૌની યોજનાના અમલીકરણના કારણે પાણીની સમસ્યાઓ હવે ભૂતકાળ બની છે. પાણીને કારણે ખેતરો હવે હરિયાળા બન્યાં છે અને ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ખેડૂતોનું હિત રાજ્ય સરકારના હૈયે વસેલું છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દ્વારા રાજ્યના ખાતેદાર ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. મંત્રીશ્રી વધુમાં જણાવતાં કહ્યું હતું કે, દરિયા કિનારાના વિસ્તારોમાં ખારાશને આવતી રોકવા તેમજ મીઠા પાણીના સંગ્રહ કરવા માટે ચેકડેમો, પિકઅપ વિયર યોજના સહિતની યોજનાઓથી દરિયાઈ કાંઠાના વિસ્તાર સમૃધ્ધ બને તે માટે વિવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યાં છે. દરિયાઈ વિસ્તારમાં મીઠા પાણીને દરિયામાં વહી જતા અટકાવવા માટે સ્પ્રેડિંગ કેનાલનું કાર્ય પણ પ્રગતિમાં છે. તાજેતરમાં જિલ્લામાં પાંચ પિકઅપ વિયર અને ૩૭ નાના મોટા ચેકડેમો સહિતના કામોને પાણી પુરવઠા વિભાગદ્વારા મંજૂરી આપવામાં આવી છે. તેમજ જીલ્લાની કામોને અગ્રતા આપીને રૂ.૨૦૦ કરોડની રકમના કામો મંજૂર કરીને મીઠાપાણીના સંગ્રહ અને દરિયાઈ પાણી રોકવા માટેનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજય સરકાર દ્વારા સિંચાઈ વિભાગના અનેક કામો મંજૂર કરીને દરિયાકાંઠાના લોકોના વિકાસ કરવા માટે કટિબદ્ધતાથી કાર્ય કરવામાં આવી રહ્યું છે. તેમણે જિલ્લામાં સિંચાઈ કામોની અગ્રતા આપીને તાત્કાલિક મંજૂરી આપવા બદલ પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાનો આભાર વ્યક્ત કર્યો હતો. અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ પિઠિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રાજ્યના છેવાડાના લોકોનો વિકાસ થાય અને વિકસિત ગુજરાત દ્વારા વિકસિત ભારત બને તે દિશામાં કાર્ય કરવામાં આવી રહ્યું છે. મુખ્ય ઈજનેર અને અધિક સચિવ શ્રી એસ.યુ.કલ્યાણીએ ઝૂડવડલી પીકઅપ વિયર યોજના વિશેની માહિતી આપતાં જણાવ્યું હતુંકે, ગ્રાઉન્ડવોટર રિચાર્જ થવાથી આસપાસના વિસ્તારના પાણીના તળ ઉંચા આવશે. જેનાથી આસપાસના વિસ્તારના ખેડૂતોને લાભ થશે. ઉલ્લેખનીય છે કે, પીકઅપ વીયર રિચાર્જ યોજનાની સ્પીલ્વે ઓગી ટાઈપનો અને સ્પીલ્વેની લંબાઈ ૧૩૭.૨૩ પિયર સાથે ૧૨ દરવાજા ધરાવતી આ યોજના રૂ.૩,૨૫૯.૫૬ લાખના ખર્ચે તૈયાર થશે. જેથી ૫૧.૧૩૦ એમસીએફટી (૫૧.૧૩૦ મિલિયન ઘન ફૂટ) મીઠાપાણીનો સંગ્રહ થશે. જેનાથી આજુબાજુના ઝુડવડલી, મેણ, ગુંદાળા, ફાટસર, ખીલાવડ તથા ઈટવાયા ગામોની આશરે ૨,૨૦૦ હેક્ટર વિસ્તારને ઉદવહન અને રિચાર્જ દ્વારા સિંચાઈનો સીધો તથા આડકતરો ફાયદો થશે. કુવાનાં તળ ઊંચા આવશે જેથી આસપાસના વિસ્તારનાં ખેતરો નવપલ્લવીત થશે. આ કાર્યક્રમમાં ઉનાના ધારાસભ્ય શ્રી કે.સી.રાઠોડ, જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજૂલાબેન મુછાર, સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી એ.પી.કલસરીયા, અગ્રણી સર્વશ્રી ભગવતીબેન સાંખટ, વિશાલભાઈ વોરા, નરેશ ત્રાપસીયા, ડાયાભાઈ જાલોંધરા, ધિરુભાઈ મકવાણા, દ્વારકાદાસ દોમડીયા સહિતના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ડાંગ સ્વરાજઆશ્રમ આહવામાં રકતદાન શિબિરનું આયોજન

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

અનંતશ્રી વિભુષિત જગદગુરુ રામનંદાચાર્ય શ્રી સ્વામી નરેન્દ્રાચાર્યજી મહારાજ દક્ષિણપિઠ નાણિજ ધામ ના, સ્વ-સ્વરુપ સંપ્રદાય ડાંગ દ્વારા ૨૪/૦૨/૨૦૨૪ નાં શનિવારે ડાંગ સ્વરાજ આશ્રમ આહવામાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતુ, આ કાયંક્રમમાં ૧૭૦ ની રકતબોટલનું સંકલન કરવામાં આવ્યુ, અહી ઉલ્લેખનિય છે કે સ્વ-સ્વરુપ સંપ્રદાય દ્વારા ૫ રાજ્યોમાં શિબિરનુ આયોજન કરવામાં આવેલ જેમા ૭૦,૦૦૦ થી વધુ રકતકુપિકાની નોંધ હમણા સુધી થઈ ગયેલ છે, ડાંગમાં ૧૭૦ રકતબોટલ દાનએ આજ દિન સુધી સૌથી વધુ રકતદાન છે સમગ્ર કાર્યક્રમ શુકનભાઈ ચૌધરી, સિતારામભાઈ ગાવિત, મુરલીધર બાગુલ, લલીત પટેલ, હેમંતભાઈ બાગુલ તથા બ્લડ એન્ડ નિડ નાં પ્રમુખ શ્રી સંજયભાઈ માળી દ્વારા સફળઅને સુચારુ આયોજન કરીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો



તાપી જિલ્લા આયોજન મંડળની બેઠક પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ

આયોજન મંડળની બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, ધારાસભ્યશ્રીઓ સહિત તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂા.૯૦૦ લાખના કુલ ૪૧૯ વિકાસ કામોની મંજૂરી અપાઈ

એ.ટી.વી.ટી. કાર્યવાહક યોજના હેઠળ તાલુકો- ઉચ્છલ અને કુકરમુંડા મળી કુલ રૂ.૨૫૦.૦૦ લાખના કુલ-૧૨૪ કામોને પણ મંજુરી આપવામાં આવી

કમલમ્ ન્યુઝ,

તાપી જિલ્લા આયોજન મંડળની બેઠક પ્રભારીમંત્રીશ્રી અને રાજયકક્ષાના વન પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજેરોજ કલેકટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. જિલ્લા આયોજન મંડળની આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા, ધારાસભ્યશ્રીઓ મોહનભાઈ ઢોડિયા, ડો. જયરામભાઈગામીત, મોહનભાઈ કોકણી, જિલ્લાવિકાસ અધિકારીશ્રી વી.એન.શાહ, નગરપાલિકા પ્રમુખશ્રીઓ, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ અને પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં આગામી નાણાંકિય વર્ષ ૨૦૨૪-૨૫ ના રૂા.૯૦૦ લાખના કુલ ૪૧૯ના વિકાસકામોની કાર્યવાહી નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. તેમજ એ.ટી.વી.ટી. કાર્યવાહક યોજના હેઠળ તાલુકો-ઉચ્છલ અને કુકરમુંડા મળી કુલ રૂ.૨૫૦.૦૦ લાખના કુલ-૧૨૪ કામોને પણ મંજુરી આપવામાં આવી હતી. પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે અમલીકરણ અધિકારીઓને જણાવ્યું હતું કે, પ્રજાલક્ષી વિકાસના કામો ગુણવત્તાસભર થાય અને સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવા પ્રયાસ કરવાના રહેશે. વધુમાં અગાઉના વર્ષના બાકી કામોની મંજૂરી અપાઈ ગઈ હોવા છતા બાકી રહેતા પેન્ડીંગ કામોની સમીક્ષા કરતા તાકીદ કરી હતી કે નાના નાના કામો ગ્રામપંચાયતો દ્વારા હાથ ધરવામાં આવે છે. કામો સમયસર પૂર્ણ ન થાય અને કામોમાં વિક્ષેપ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં. પ્રજા હેરાન થાય તેવા કિસ્સામાં સરપંચો ઉપર પણ પગલા લેવાશે અને મંજૂર થયેલા કામો રદ કરાશે તો અમલીકરણ અધિકારી ઉપર પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન.શાહે અમલીકરણ અધિકારીઓ તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ વર્કઓર્ડર આપી માર્ચ માસના અંત સુધીમાં બાકી કામો ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી. અગાઉના બાકી કામો અંગે સરપંચશ્રીઓ સાથે બેઠક કરી મુશ્કેલીઓનું નિવારણ કરવા કટીબધ્ધતા વ્યક્ત કરી હતી. જિલ્લા આયોજન અધિકારીશ્રી એસ.એસ. લેઉવાએ આયોજન મંડળના વિકાસ કામોની વિગતો આપતા જણાવ્યું હતું કે, તાપી જિલ્લાના વિકાસ માટે તમામ તાલુકાઓમાં ડામર રસ્તો, સીસી રોડ, પેવર બ્લોક, પાણીની સુવિધા, બસ સ્ટેન્ડ, કંપાઉન્ડ વૉલ, મજૂર કલ્યાણ કેન્દ્રનું કામ, સંરક્ષણ દિવાલનું કામ વિગેરે વિકેન્દ્રિત જિલ્લાઆયોજન સબંધે તાલુકા આયોજન સમિતિ દ્વારા મળેલ દરખાસ્ત વર્ષ ૨૦૨૪-૨૫ના કામોની મંજૂરી આપવામાં આવી છે. જેમાં નિઝર તાલુકાના ૪૦ કામો રૂ.૧૦૦ લાખ, કુકરમુંડા ૬૧ કામો રૂ.૧૨૫ લાખ, ઉચ્છલ ૬૦ કામો રૂા.૧૨૫ લાખ, વાલોડ ૪૩ કામો રૂા.૧૦૦ લાખ, સોનગઢ ૮૪ કામો રૂા.૧૫૦ લાખ, ડોલવણ ૫૩ કામો રૂા. ૧૨૫ લાખ, વ્યારા ૭૦ કામો રૂા.૧૨૫ લાખ, વ્યારા નગરપાલિકાના ૪ કામો રૂા.૨૫ લાખ અને સોનગઢ નગરપાલિકાના ૪ કામો રૂા.૨૫ લાખ મળીને કુલ ૪૧૯ કામો કુલ રૂા.૯૦૦ લાખના ખર્ચે વિકાસ કામો હાથ ધરાશે. વધુમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૩-૨૪ ની સમીક્ષા કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયા શરૂ ન થયેલા કામો ૩, વર્ષ ૨૦૨૧-૨૨ માં શરૂ ન થયેલા કામો ૨૪, વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨૧, વર્ષ ૨૦૨૩-૨૪ માં શરૂ ન થયેલા કામો કુલ-૪૮૪ થાય છે. આ બાકી કામો કોઈ વહીવટી, ટેકનીકલ મુશ્કેલીઓ અથવા જમીનના પ્રશ્નો અંગે સત્વરે નિકાલ લાવી પૂર્ણ કરવા અમલીકરણ અધિકારીશ્રીઓને જણાવ્યુંહતું. ૧૭મી લોકસભા વર્ષ ૨૦૧૯-૨૦ હેઠળ વ્યારા, નિઝર અને ડોલવણ તાલુકા વિકાસ અધિકારીને ૬૦ કામોની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. જે પૈકી ૨૧ કામો પૂર્ણ અને ૨૩ કામો પ્રગતિ હેઠળ છે અને રૂા.૪૪.૯૨ લાખનો ખર્ચ થયેલ છે. વ્યારા તાલુકાના ૧૩ કામો રૂા.૧૦.૫૩ લાખના કામો પ્રગતિ હેઠળ છે. ડોલવણ તાલુકાના ૧૦ કામો રૂા.૮.૧૦ લાખના પ્રગતિ હેઠળ છે. જિલ્લા આયોજન મંડળની બેઠકના નિરીક્ષક તરીકે શ્રી એમ.એમ. પટેલ, સંયુક્ત નિયામકશ્રી મુલ્યાંકન કચેરી, ગાંધીનગર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નિવાસી અધિક કલેક્ટરશ્રી, નાયબ વનસંરક્ષકશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી રામનિવાસ બુગાલિયા, નાયબ વન સંરક્ષક પુનિત નૈયર જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના બરડીપાડા અને પિપલાઈદેવી પશુ દવાખાનાનું ખાતમુહર્ત કરાયુ

વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજય પટેલ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઇના હસ્તે કરાયુ ખાતમુહર્ત

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

વિધાનસભાના નાયબ દંડક શ્રીવિજયભાઈ પટેલ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈનના હસ્તે, ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના બરડીપાડા અને પિપલાઈદેવી પશુ દવાખાનાનું

૧૯૬૨ હેલ્પલાઇન મોબાઈલ પશુ ચિકિત્સાલય વાનને લીલીં ઝંડી અપાઈ

ખાતમુહર્ત કરવામા આવ્યુ હતુ. પંચાયત માર્ગઅને મકાન વિભાગ આહવા દ્વારા બરડીપાડા પશુ દવાખાનુ રૂપિયા ૬૦.૪૩ લાખ તેમજ પિપલાઈદેવી પશુ દવાખાનુ રૂપિયા ૮૮.૩૧ લાખના ખર્ચે પશુ દવાખાનુ મકાન નિર્મિત કરવામા આવશે. આ સાથે જ બરડીપાડા તથા આજુબાજુના વિસ્તારના કુલ ૧૦ ગામડાઓ માટે મોબાઈલ પશુ ચિકિત્સા વાન પણ શરૂ કરવામા આવી છે. જેને મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવામા આવી હતી. પશુ જાળવણી બાબતે ખાસ ધ્યાન રાખવા ધરાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે આવેળા અપીલ કરી હતી. પશુ દવાખાનામા એક વેટેરનરી ડોક્ટર તથા એક પાઈલોટ કમ ડ્રેસર હોય છે. આ ફરતા પશુ દવાખાનામા દરેક પ્રકારના સાધન ઉપલબ્ધ કરાવાયા છે. તેમજ આ સાધનોની મદદથી અલગ અલગ પ્રકારના ઓપરેશન પણ કરવામા આવે છે. આ દવાખાનાનો લાભ લેવા માટે ટોલ ફ્રી નંબર ૧૯૬૨ હેલ્પલાઈન ઉપર સંપર્ક કરી, પશુ આરોગ્યલક્ષી સેવાઓનો લાભ નિ:શુલ્ક મેળવી શકાય છે. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ શ્રી ભરતભાઈ ભોયે, સામાજિક કાર્યકર શ્રી સુભાષભાઈ ગાઈન, પશુપાલન અધિકારી શ્રી ધર્મેશભાઈ ચૌધરી સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર, વિરમગામમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો નવમો પ્રતિષ્ઠોત્સવ ઉજવાયો

મહાપૂજા, નવમા પ્રતિષ્ઠોત્સવ નિમિત્તે સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનું ષોડશોપચારથી પૂજન, અર્ચન, આરતી તથા અન્નકૂટ દર્શન, જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણો, આશીર્વાદ, બાળકોને પ્રોત્સાહન ઇનામ વિતરણ જેવા વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમો યોજાયા

કમલમ્ ન્યુઝ,વિરમગામ

સૌરાષ્ટ્રના પ્રવેશદ્વારથી જેની ઓળખ છે એવા અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં શ્રી સ્વામિનારાયણ મંદિર અનેક શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. વિરમગામમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી ઘનશ્યામ મહારાજના નવમા વાર્ષિક પાટોત્સવની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ અવસરે મહાપૂજા, નવમા પ્રતિષ્ઠોત્સવ નિમિત્તે સ્વામિનારાયણબાપ સ્વામીબાપાનું ષોડશોપચારથી પૂજન, અર્ચન, આરતી તથા અન્નકૂટ દર્શન, જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણો, આશીર્વાદ, બાળકોને પ્રોત્સાહન ઈનામ વિતરણ જેવા વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમો યોજાયા હતા. શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિય પ્રિયદાસજી સ્વામીજી મહારાજે નવમા પ્રતિષ્ઠોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, મનુષ્યે પોતાના જીવનમાં કરવા જેવું કામ ભગવાનનું ભજન, સ્મરણ છે. ભગવાનનું ભજન થઈ શકે તે માટે મંદિરોનાં સર્જન છે તથા સત્સંગ કરી શકીએ તે માટે આવાં મંદિરોના સર્જન છે. સત્સંગ પૂર્વે જીવ અમાસના ચંદ્ર જેવો હોય છે બિલકુલ અંધકારમય. પરંતુ, સત્સંગના યોગ બાદ જીવ પૂર્ણિમાના ચંદ્રની જેમ સોળે કળાએ સંપૂર્ણ ખીલી ઊઠે છે. એટલે કે સત્સંગના યોગથી જીવાત્મા બળિયો, વૃદ્ધિને પામે છે. સત્સંગથી મનુષ્યનું જીવન ઉજળું બને છે અને તે સંસ્કારીત પણ બને છે. સત્સંગ એ મનુષ્યનો અલંકાર છે. વળી, આવતીસાલે "શ્રી ઘનશ્યામ મહારાજનો દશાબ્દી મહોત્સવ" પણ આવી રહ્યો છે તો તે પ્રસંગ નિમિત્તે દરેક સત્સંગીએ શ્રી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃતની પારાયણ કરવા વિશે હાકલ પણ કરી હતી. કારણ કે મનુષ્ય જીવનને સાર્થક કરવા ભગવાનનું ભજન સવિશેષ કરવું, કરવું અને કરવું જ. જેથી ભગવાનનો બેઠો રાજીપો પ્રાપ્ત કરી શકીએ. આ પ્રસંગનો દિવ્ય લાભ દેશ-વિદેશના હરિભક્તોએ પરમ ઉલ્લાસભેર લીધો હતો.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને સૂત્રાપાડા ખાતે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના સિચાઈ અને પાણી પુરવઠા વિભાગના કામો અંતર્ગત રીવ્યુ બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,સોમનાથ

જળ સંપત્તિ અને પાણી પુરવઠા અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને જીએચસીએલ ગેસ્ટહાઉસ સંજય નગર સુત્રાપાડા ખાતે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના સિંચાઈ અને પાણી પુરવઠા વિભાગ કામો અંતર્ગત અધિકારીશ્રીઓ સાથે રીવ્યુ બેઠક કરી હતી. આ રીવ્યુ બેઠકમાં જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના જુથ યોજનાના પ્રગતિ હેઠળના કામોનો રીવ્યુ કરવામાં આવ્યો હતો. જુથ યોજનાઓ અંતર્ગત પ્રગતિમાં કામોની અંગેની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જેમા જુનાગઢ જીલ્લા જુથ યોજના અંતર્ગત ૧૧ કામોની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ગીર સોમનાથ જીલ્લાના ૪ પ્રગતિ હેઠળની યોજનાઓમાંથી ગૃપની મંજૂરી અંગે ફોલોઅપ મેળવવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે જે કામોની મંજૂરીઓ મેળવવાની બાકી છે તેની મંજૂરીઓ તાત્કાલિક મેળવવી અને જે કામો પ્રગતિમાં છે તેની સમયસર કામગિરિ પૂર્ણ કરવા ભારપૂર્વક જણાવ્યુ હતુ.

ત્યારબાદ હિરાકોટ બંદરના દરીયાઈ ધોવાણથી નુકસાન થતુ હોવાની કોસ્ટલ પ્રોટેકશન પ્રકારની દિવાલ બનાવવાની રજુઆત અન્વયે ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળના અધિકારીશ્રીઓ મંત્રીશ્રી અને સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ સ્થળ મૂલાકાત કરી હતી. અને આદ્રી થી મૂળ દ્વારકા વિસ્તરણ નહેરના કામ માટે સિધ્ધાંતિક મંજુરી મળી છે. જે

અન્વયે દેવકા નદીથી હિરણ નદીની લીક -૨ની સ્થળ મૂલાકાત લીધીહતી. આ મુલાકાત દરમ્યાન મુખ્ય ઈજનેર અને અધિક સચિવ શ્રી એસ.યુ.કલ્યાણી, કાર્યપાલક ઈજનેર શ્રી ભરતભાઈ નાઈ, સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી એ.પી.કલસરીયા સહિતના સિંચાઈ અને પાણી પૂરવઠા વિભાગના શીર્ષ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માંડલ તાલુકાના ટ્રેન્ટ ગામમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું શ્રી હરિકૃષ્ણ મહારાજસહ દબદબાભેર ભવ્ય સ્વાગત સામૈયું

હરિભક્તોએ સાથે મળીને શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ તથા જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણો, સ્વાગત સામૈયું, અન્નકૂટ દર્શન, આરતી વગેરે અધ્યાત્મસભર કાર્યક્રમોનું બે દિવસીય આયોજન કર્યું

કમલમ્ ન્યુઝ,વિરમગામ

આ ગામનું મૂળ નામ તો ટેરેટ. ટેરેટ નામને અંગ્રેજો આવ્યા પછી એમણે ગામડાંઓની નામાવલીમાં ટ્રેન્ટ કર્યું. ઘણાંય વર્ષો સુધી ટેરેટ અને ટ્રેન્ટ એમ બંને નામ ચાલ્યા. અત્યારે માત્ર ટ્રેન્ટ નામનો જ ઉપયોગ થાય છે. ટ્રેન્ટ ગામનાં બ્રાહ્મણ કુળમાંથી ખુબ જ નાની વયથી સાંખ્યયોગ ધારણ કરેલા સાંખ્યયોગી બા શ્રી ચંચળબાના પ્રયાસથી શ્રીજી સ્વયં મૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીએ ચિંધેલ ઉપાસના ભક્તિમાં દ્રઢતા વધતી જતી. સમયના વાહન સાથે સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાના સંકલ્પાનુસાર શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ બનાવેલ શ્રી ઈશ્વરસદ્વિદ્યાશ્રમ- શ્રી સ્વામિનારાયણ છાત્રાલયમાં બા શ્રી ચંચળબા ગામનાં છોકરાઓને ભણવા માટે મોકલતા અને જરૂરી મદદ પણ કરતા. શરૂઆતના વિદ્યાર્થીઓમાં નટવરભાઈ અંબાલાલભાઈ પટેલ વગેરે હતા. વિદ્યાર્થીઓને મણિનગર ભણવા મોકલવાના કાર્યમાં બાશ્રી ચંચળબાને અન્ય લોકો મુશ્કેલીઓ પણ ઊભી કરતા. છતાં ચંચળબા તેનેજરાય ગણકારતા નહીં. જયારે મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર થયું ત્યારે આર્થિક સેવા, ભક્તિ વગેરે તો મણિનગર મંદિરે જ કરવાની. સ્વામીબાપાને પણ અવારનવાર તેડાવીને ગામમાં સત્સંગનું બળ વધાર્યું. ટ્રેન્ટ ગામમાં સ્વામીબાપાની કૃપાથી બાઈઓનું શ્રી સ્વામિનારાયણ મંદિર થયુ. સ્વામીબાપાએ સંવત ૨૦૨૮ ઈ.સ. ૧૯૭૧માં મૂર્તિ પ્રતિષ્ઠા કરી. વળી સાંખ્ય યોગી બા શ્રી ચંચળબાનો વારસો સાંખ્યયોગી બા શ્રી બાલુબાએ પણ એવી જ રીતે રાખ્યો. તેમને પણ છાત્રાલયમાં વિદ્યાર્થીઓને ભણવા મોકલી અને વડીલોમાં સત્સંગ કરાવી સ્વામીબાપાનો અને મણિનગર ધામનો મહિમા સૌના જીવમાં ઠસોઠસ ભર્યો. સમય જતા પરમ પૂજ્ય આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે દયા કરી સંવત ૨૦૩૮ ના માગશર સુદ પાંચમના રોજ હરિભક્તો માટેનું નૂતન મંદિર બંધાવ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા ખુબ જ ધામધૂમથી કરી. ટ્રેન્ટ ગામને મહાન સંત રત્નની પ્રાપ્તિ થઈ છે એવા આપણા જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજ. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના ષષ્ઠ વારસદાર જ્ઞાનમહોદોધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ. તેઓશ્રી પધારતા અહીંના અને દેશ પરદેશના હરિભકતોએ સાથે મળીને શ્રી સ્વામિનારાયણ ગાદી

ગ્રંથ તથા જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણો, સ્વાગતસામૈયું, અન્નકૂટ દર્શન, આરતી વગેરે અધ્યાત્મસભર કાર્યક્રમોનું બે દિવસીય આયોજન કર્યું હતું. મોટી સંખ્યામાં દેશવિદેશના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

છોટાઉદેપુર લોકસભા વિસ્તારના રામભકતોને લઈને અયોધ્યા જવા માટે વડોદરાથી 'આસ્થા સ્પેશિયલ ટ્રેન' રવાના

રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહ પરમાર અને છોટાઉદેપુરના સાંસદ ગીતાબેન રાઠવાએ ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું

કમલમ્ ન્યુઝ,

સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રીશ્રી ભીખુસિંહ પરમારે છોટાઉદેપુર લોકસભા વિસ્તારના સાંસદ ગીતાબેન રાઠવાની ઉપસ્થિતિમાં વડોદરાના રેલવે સ્ટેશન ખાતેથી અયોધ્યા જતી શ્રદ્ધાળુઓ સાથેની આસ્થા સ્પેશિયલ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે શ્રી ભીખુસિંહ પરમારે સૌ રામભક્તોને દર્શનનો લ્હાવો મળવા બદલ અભિનંદન પાઠવીને 'જય શ્રીરામ'ના નારાનો જયઘોષ બોલાવ્યો હતો. ટ્રેનને પ્રસ્થાન કરાવતા પહેલા રાજયમંત્રીશ્રી ભીખુસિંહ પરમાર અને છોટાઉદેપુરના સાંસદ ગીતાબેન રાઠવાએ શ્રદ્ધાળુઓ સાથે મુલાકાત કરીને શુભયાત્રાની શુભેચ્છાઓ આપી હતી. અયોધ્યા જઈ રહેલા શ્રદ્ધાળુઓમાં રામલલ્લાના દર્શનને લઈને અનોખો ઉત્સાહ અને આનંદ છલકાઈ રહ્યો હતો. વડોદરા રેલવે સ્ટેશન પરનો સમગ્ર માહોલ ટ્રેન પ્રસ્થાન અવસરે રામમય બન્યો હતો. આ પ્રસંગે અગ્રણીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, ડી. આર. એમ. શ્રીસહિત રેલવે સ્ટાફ તેમજ અયોધ્યા જતા શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યાહતા.

મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને રાજકોટના વોર્ડ નંબર ૧૧માં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,રાજકોટ

ગુજરાતના મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૧૧માં બીજા તબક્કાનો 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમા મંત્રીશ્રીએ શહેરીજનોને વધુમાં વધુ સરકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમજ મંત્રીશ્રીના હસ્તે આયુષ્માન કાર્ડ સહિતના સહાય અરજ દારોને આપવામાં આવી હતી. આપણો સંકલ્પ, વિકસિત ભારત'ની નેમ સાથે આર.એમ.સી. સ્કુલનં. ૯૭ વિનોબા ભાવે સ્કુલ ખાતે મહાનુભાવોએ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. કાર્યક્રમમાં લોકોને પ્રજા કલ્યાણકારી યોજનાઓ વિષયક જાણકારી આપવામાંઆવી હતી. તથા સરકારી યોજનાઓઅંગેચ્યુકિતગત પ્રશ્નોનો ત્વરિત ઉકેલ લાવવાના પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ તકે ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહ, મેયરશ્રી નયનાબેન પેઢડીયા, શ્રી લીલુબેન જાદવ, શ્રી મનીષભાઈ રાડીયા, સંગઠનના હોદે દારો સહિતના અગ્રણીઓઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે સરકારની વિવિધ યોજનાઓની પાત્રતા ધરાવતા તથા જરૂરિયાતમંદ વર્ગના લોકોને લાભ મળી રહે, તે માટે ભારત સરકાર દ્વારા જન માનસ સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના બીજા તબક્કાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દરેક વોર્ડમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના કાર્યક્રમ યોજવામાં આવીરહ્યા છે.

ડાબેરી ઉગ્રવાદ મરણતોલના ફટકાના પરિણામે આજે અંતિમ શ્વાસ લઈ રહ્યો છે: શ્રી અમિત શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આતંકવાદને રોકવા માટે આક્રમક વ્યૂહરચના અપનાવી છે

૨૦૦૪-૧૪ની સરખામણીએ ૨૦૧૪-૨૩ના દાયકામાં ડાબેરી ઉગ્રવાદને લગતી હિંસામાં ૫૮ ટકા અને મૃત્યુમાં ૬૯ટકાનો ઘટાડો થયો છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની સરકારે નકસલવાદ વી પ્રભાવિત વિસ્તારોમાં વિકાસ અને સુરક્ષા માટે સંપૂર્ણ દ્રષ્ટિકોણથી નકસલવાદને જોરદાર ફટકો આપ્યો છે

ડાબેરી ઉગ્રવાદને કારણે સુરક્ષા દળોના મૃત્યુની સંખ્યા ૧૭૫૦થી ૭૨ ટકા ઘટીને ૪૮૫ થઈ ગઈ છે, નાગરિકોના મૃત્યુની સંખ્યા ૪૨૮૫થી ૬૮ ટકા ઘટીને ૧૩૮૩ થઈ છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની દીર્ઘદૃષ્ટા નીતિઓને કારણે ડાબેરી ઉગ્રવાદે પોતાનો ફેલાવો ગુમાવ્યો

મોદી સરકારે પર્યાપ્ત હેલ્થકેર અને એજ્યુકેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવીને નકસલવાદ પ્રભાવિત વિસ્તારોમાં રહેતા ગરીબોના દિલ જીતી લીધા છે

મોદી સરકારે સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારોને સાથે રાખીને લોકોનો વિશ્વાસ જીત્યો છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે આતંકવાદને ડામવા આક્રમક વ્યૂહરચના અપનાવી છે. X પર શ્રેણીબદ્ધપોસ્ટમાં શ્રીઅમિત શાહે કહ્યું હતું કે, ડાબેરી ઉગ્રવાદ મરણતોલકટકાના કારણેઆજે તે અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, મોદી સરકાર પ્રયામ હેલ્થકેર અને એજ્યુકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવીને નકસલવાદ પ્રભાવિત વિસ્તારોમાં રહેતા ગરીબોના દિલ જીતી લીધા છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની દીર્ઘદૃષ્ટા નીતિઓને કારણે ડાબેરી ઉગ્રવાદને પોતાના સંઘર્ષનું કારણ ગુમાવ્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની સરકારે નકસલવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં વિકાસ અને સુરક્ષા માટે સંપૂર્ણ અભિગમ સાથે નકસલવાદને મોટો ફટકો માર્યો છે. તેમણે કહ્યું કે, મોદીસરકારે રાજ્ય સરકારોને સર્વાંગી વિકાસ માટે સાથેલઈને લોકોનોવિશ્વાસ જીત્યો છે. ગૃહ મંત્રાલયના આંકડા અનુસાર ૨૦૦૪-૧૪ની સરખામણીમાં ૨૦૧૪-૨૩ના દાયકામાંડાબેરીઉગ્રવાદ સંબંધિત હિંસામાં ૫૮ ટકા અને મૃત્યુની સંખ્યામાં ૬૯ ટકાનો ઘટાડો થયો છે, જે ૬૦૩૫થીઘટીને ૧૮૬૮થયો છે. એ જ રીતે ડાબેરી ઉગ્રવાદની ઘટનાઓ ૧૪,૮૬૨થી ઘટીને ૩,૧૨૮ થઈ ગઈ છે. ડાબેરી ઉગ્રવાદને કારણે સુરક્ષા દળોના મૃત્યુની સંખ્યા ૧૭૫૦થી ૭૨ ટકા ઘટીને ૪૮૫ થઈ ગઈ છે, આ સાથે, હિંસાનુ અહેવાલ આપતા પોલીસ સ્ટેશનોની સંખ્યા ૨૦૧૦ માં ૪૬૫ થી ઘટીને ૨૦૨૨ માં ૧૭૬ થઈ ગઈ છે.

બાંડાબેડા થી અંકલેશ્વર જતો ગ્રામ્ય વિસ્તાર નાં માર્ગ નું ખાતમુહૂર્ત ધારાસભ્ય રીતેષ વસાવા ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

કમલમ્ ન્યુઝ,

૧૫૨-ઝઘડીયા વિધાનસભા મત વિસ્તાર માં સમાવેશ થયેલ વાલિયા તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં રોડ રસ્તા જેવી પ્રાથમિક સુવિધાનો વર્ષોથી અભાવ હતો.જેને લઈ ગ્રામજનોએ રસ્તા માટે સ્થાનિક પદાધિકારીઓ તથા સક્ષમસત્તાધિકારીને રજૂઆત કરી હતી.આ રજૂઆત ઝઘડિયા વિસ્તારના ધારાસભ્ય રિતેશ વસાવા સુધી પહોંચી ધારાસભ્ય રિતેશવસાવા નાં સંકારાત્મક પ્રતિભાવ થકી રાજ્ય સરકાર ને કરેલી રજૂઆત બાદ ગતરોજ બાંડાબેડાથી અંકલેશ્વર જતો ગ્રામ્ય વિસ્તાર નાં માર્ગ નું ખાતમુહૂર્ત ધારાસભ્ય રીતેષ વસાવા ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે , વાલિયા તાલુકા પંચાયત પ્રમુખ સીતાબેન વસાવા ઉપપ્રમુખ દિનેશભાઈ વસાવા જીલ્લા પંચાયત સભ્ય અલ્પેશભાઈ વસાવા જીલ્લા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ સહિત સરપંચો ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાતથા અવારનવાર આવાં વિકાસ નાં કામોથકી ધારાસભ્ય રીતેષવસાવા ભારે લોક ચાહના મેળવી રહ્યા છે

સુરત ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટી (દિશા)ની બેઠક કેન્દ્રીય રેલ્વે ટેક્ષટાઈલ રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશના અધ્યક્ષસ્થાને યોજાઈ

બારડોલીના સાંસદ અને દિશા કમિટીના ઉપાધ્યક્ષ પ્રભુભાઈ વસાવાની વિશેષ ઉપસ્થિતિ

કમલમ્-ન્યુઝ,મયૂર પટેલ

સુરત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટી(દિશા)ની બેઠક કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલરાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાંયોજાઈ હતી. બારડોલીના સાંસદ અને દિશા સમિતિના ઉપાધ્યક્ષશ્રી પ્રભુભાઈ વસાવાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. બેઠકમાં કેન્દ્રીય મંત્રી અને સાંસદશ્રીએ કેન્દ્ર પુરસ્કૃત વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં કેન્દ્રીય મંત્રી દર્શનાબેનજરદોશે જણાવ્યુંહતું કે, કેન્દ્ર અને રાજ્યસરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે તે દિશામાં ગતિશીલ બની ઝડપી કાર્યવાહી કરી પાયાની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી ઈચ્છનીય છે એમ કહી તેમણે લોકોને આધાર કાર્ડઅંગેના કામોમાં હાલાકી ન પડે એ માટે પોસ્ટ આફિસો, બેંકો, જનસેવા કેન્દ્રોમાં આધાર કાર્ડની કામગીરીની સમીક્ષા કરાશે, તેમજ તમામ આધાર કેન્દ્રોની કાર્યક્ષમતા વધારવામાં આવશે એમ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, મંત્રીશ્રી અને સાંસદશ્રીએ સૌ અધિકારીઓને વિકાસકામો અને વિવિધ લોકોપયોગી યોજનાઓની સમીક્ષા સહ ચર્ચા કરી તેને ઝડપભેર-સમયમર્યાદામાં પૂર્ણ કરવાની સૂચના આપી હતી. સુરત જિલ્લાના છેવાડાના પ્રજાજનના સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવા ગ્રાસ રૂટ લેવલની કામગીરીકરવા અનુરોધ કર્યો હતો. શ્રીપ્રભુભાઈએ બેઠકમાંકરુન અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ છેવાડાના લોકો સુધી મળી રહે તે અંગેચર્ચાવિમર્શકરી જરૂરી સૂચના કર્યા હતા. આ વેળાએ નવતર પહેલ રૂપે સુરસ મેળાની સુખી મંડળની બહેનો દ્વારા ઉત્પાદિત સાબુ અને તોરણ અર્પણ કરીને સખી મંડળની બહેનો દ્વારા સ્વનિર્મિત ચીજવસ્તુઓ ભેટ આપીને મહાનુભાવો-અધિકારીઓનું સ્વાગત કરાયું

પ્રોજેક્ટ,શ્યામપ્રસાદ મુખર્જી ઝુર્બન પ્રોજેક્ટ, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ઈ-ન્યામયોજના, પોસ્ટની સુકન્યા સમૃદ્ધિ યોજના, આધાર કાર્ડ, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના સહિત સાંસદ આદર્શ ગામ જેવી કેન્દ્ર સરકારની ફલેગશીપ યોજનાઓના કામોની નાણાંકીય અને ભૌતિક પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરીજરૂરી માર્ગદર્શન પૂંરુ પાડ્યુંહતું. બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ અંજન્સીના નિયામકશ્રી એમ.બી.પ્રજાપતિએ કર્યું હતું. બેઠકમાંજિલ્લા પંચાયત પ્રમુખ ભાદિનીબેન પટેલ, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, આરોગ્ય સમિતિના અધ્યક્ષ રોશન પટેલ, કલેકટરશ્રી ડા.સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી. શિવાની ગોયલ, , તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, વિવિધ સમિતિઓના સદસ્યો, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ તેમજ સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

વડાપ્રધાનશ્રી મોદીના કાર્યક્રમ અંગે સ્થળ નિરીક્ષણ કરતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજ્યના ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએવડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રાજકોટના૨સેકાસેં મેદાન ખાતેયોજનારા કાર્યક્રમ અંગેસ્થળ નિરીક્ષણ કર્યું હતું. ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ અંગેની બેઠક વ્યવસ્થા, વિક્ષેપ-રહિત વીજ પુરવઠો, ગ્રીન રૂમ તથા અન્ય વ્યવસ્થાઓ અને આકસ્મિક સંજોગોને પહોંચી વળવાની તંત્રની તૈયારીઓ વિશે સમીક્ષા કરી હતી. અને સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓને સ્થળ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવા જરૂરી સૂચનાઓ આપી હતી. ગૃહ રાજ્યમંત્રી શ્રી સંઘવી સાથે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, મેયર શ્રી નયનાબેન પેઢડીયા, સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા તથા શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટીલાળા તથા શ્રી દર્શિતાબેન શાહ, પોલીસ કમિશ્નર શ્રી રાજુભાર્વ, કલેક્ટર શ્રી પ્રમવ જોષી, મ્યુનિસિપલ કમિશનર શ્રી આનંદ પટેલ તથા અન્ય સરકારી વિભાગોના અધિકારીઓ જોડાયા હતા.

આણંદ શહેરના આયુષ્યમાન કાર્ડના લાભાર્થીઓના ખબર અંતર પૂછતા સાંસદશ્રી મિતેષભાઈ પટેલ

બીના પટેલ

આણંદ શહેરનાવોર્ડ નંબર ૭ના આયુષ્યમાનકાર્ડના લાભાર્થી શ્રી વિમળાબેન દિનેશભાઈ વાઘેલા કે જેઓ આયુષ્યમાન કાર્ડ અંતર્ગત બરફેરીચૂણ નાઓપરેશન કરાવ્યા છે જેઓની સાંસદશ્રી મિતેષભાઈ પટેલે મુલાકાત લઈ તેઓના ખબર અંતર પૂછ્યા. આ પ્રસંગે સાંસદશ્રીની સાથે આણંદ શહેર બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા.

આણંદ શહેરના વોર્ડ નંબર ૭ના આયુષ્યમાન કાર્ડના લાભાર્થી શ્રી ઘનશ્યામભાઈ કે. દવે કે જેઓ આયુષ્યમાન કાર્ડ અંતર્ગત અઠવાડિયામાં ૩ વાર ડાયાલીસીસ કરાવી રહ્યા છે જેઓની સાંસદશ્રી મિતેષભાઈ પટેલે મુલાકાત લઈ તેઓના ખબર અંતર પૂછ્યા. આ પ્રસંગે સાંસદશ્રીની સાથે આણંદ શહેર બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા.

કરમસદ શહેરનાવોર્ડ નંબર ૩ ના ૭૮ વર્ષના આયુષ્યમાન કાર્ડના લાભાર્થી શ્રી વિષ્ણુભાઈ ચૌહાણ કે જેઓ આયુષ્યમાન કાર્ડ અંતર્ગત બાયપાસસર્જરીનું ઓપરેશન કરાવ્યું છે જેઓની સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે મુલાકાત લઈ તેઓના ખબર અંતર પૂછ્યા. આ પ્રસંગે સાંસદશ્રીની સાથે આણંદ શહેર બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા.

આણંદ શહેરનાવોર્ડ નંબર ૬ ના ૭૫ વર્ષના આયુષ્યમાન કાર્ડના લાભાર્થી શ્રી મનીષાબેન શિવરભાઈ ઠક્કર જેઓ આયુષ્યમાન કાર્ડ અંતર્ગત બાયપાસ સર્જરીનું ઓપરેશન કરાવ્યું છે જેઓની સાંસદશ્રી મિતેષભાઈ પટેલે મુલાકાત કરી ખબર અંતર પૂછ્યા. આ પ્રસંગે સાંસદશ્રીની સાથે શહેર બક્ષીપંચ મોરચાનાપ્રમુખ શ્રી કલ્પેશભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા.

તા.૨૫ના માન.પ્રધાનમંત્રીશ્રીના આગમનને આવકારવા રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા આગોતરુ આયોજન

રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા રાજકોટ જીલ્લામાંથી ૭૬૫ બસો તેમજ અન્ય ખાનગી વાહનો દ્વારા ૭૦,૦૦૦ કરતાથી પણ વધુ લોકો પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમમાં ઉમટી પડશે : દવે, ઠોલરીયા, જાડેજા, હેરભા, માંકડિયા

- **માન.પ્રધાનમંત્રીશ્રીના આગમનના આયોજન અંતર્ગત બેઠકોનો ધમધમાટ**
- **રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા માન.પ્રધાનમંત્રીશ્રીના આગમનના આયોજનનું માઈક્રોપ્લાનિંગ.**

કમલમ્ ન્યુઝ,

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ગુજરાતના પ્રવાસે તેમાય અયોધ્યા શ્રી રામલલ્લાના મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા પછી પ્રથમ વખત સૌરાષ્ટ્ર, રાજકોટ પધારતા હોય સૌરાષ્ટ્રની જનતામાં તેમાય રાજકોટ જીલ્લાની જનતામાં માન.મોદી સાહેબને આવકારવા અનેરો ઉત્સાહ, ઉમંગ જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા નવા માર્કેટિંગયાર્ડ, ગોંડલખાતે ગુજકોટ જીલ્લા ભાજપ પ્રભારીશ્રી ધવલભાઈ દવેની અધ્યક્ષતામાં તથા જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહજાડેજા, શ્રી હરેશભાઈ હેરભા, શ્રી રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતિમાં રાજકોટ જીલ્લા ભાજપના હોદેદ્દર, જીલ્લા પંચાયત તેમજ નગરપાલિકાની બેઠક લેવા જવાની જવાબદારી સોંપેલ ૪૨ સીનીયર આગેવાનો, લોકસભા તેમજ વિધાનસભાના વિસ્તારકશ્રીઓ, મંડલના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, જીલ્લા પંચાયત લડેલા તમામ ઉમેદવાર, ગોંડલ નગરપાલિકા તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષના નેતા, વિપક્ષ નેતા, જીલ્લાના તમામ મોરચાની સમગ્ર ટીમ, જીલ્લા સેલના કન્વીનર, સહ-કન્વીનર સહીતના હોદેદારોની બેઠક નું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ તા.૨૩,ફેબ્રુઆરીના રોજ બપોરે ૩:૦૦ કલાક ૪૨ જીલ્લા પંચાયત સીટ તેમજ ૬ નગરપાલિકામાં એક સાથે, એક દિવસે, એક સમયે ૪૨ જગ્યાએ બેઠકોયોજવામાં આવીહતી. જેમાં રામમંદિરની થીમ ઉભી કરાશે આ સાથે તુરી બારોટ સમાજ રાવણ અયોધ્યા શ્રી રામલલ્લાના મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પછી પ્રથમ વખત સૌરાષ્ટ્ર આવશે ત્યારે સમાજ પોતાની બેન્ડ પાર્ટી સાથે ભાગલેશે.રોડશોનાહુલક્ટેજ ઉપર શીખ, સિંધી, તુરી બારોટ પોત પોતાના વાજીંત્રો સાથે ઉપસ્થિત રહીસ્વાગત કરશે.

રેસકોર્ષ મેદાન ખાતે યોજનારા મુખ્ય સ્ટેજ કાર્યક્રમમા પ્રસિધ્ધ કલાકારોથી ગીતાબેન રબારી અને કુલવૂદ્ર દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. નટરાજ ગૃપના ૧૦ કલાકારો ઢોલ, છત્રી,શરણાઈ સાથે પ્રધાનમંત્રીશ્રીનુંઉત્સાહભેર સ્વાગત કરશે.તાંડવનૃત્ય એકેડમીના ૧૮ કલાકાર માંડવી સાથે વિશિષ્ટ નૃત્ય રજૂ કરશે. શ્રી શકિત વૂંદના ૧૮ કલાકારો દાંડિયા, રંગબેરંગી છત્રીઓ, રૂમાલ સાથે રાસ રજૂ કરવામાં આવશે. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

પ્રધાનમંત્રી ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીનાં રોજગુજરાતની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી રૂ. ૫૨,૨૫૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન કરશે અને વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે

આ પરિયોજનાઓમાં સ્વાસ્થ્ય, માર્ગ, રેલ, ઊર્જા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, પર્યટન જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોનો સમાવેશ થાય છે

પ્રધાનમંત્રી ઓખાની મુખ્ય ભૂમિ અને બેટ દ્વારકાને જોડતું સુદર્શન સેતુ સમર્પિત કરશે

પ્રધાનમંત્રી ૨૦૦થી વધારે હેલ્થકેર માળખાગત પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે

પ્રધાનમંત્રી રાજકોટ, બઠિંડા, રાયબરેલી, કલ્યાણી અને મંગલાગિરીમાં પાંચ એઈમ્સનું લોકાર્પણ કરશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪નાં રોજ ગુજરાતની મુલાકાત લેશે. ૨૫ ફેબ્રુઆરીએ સવારે ૭:૪૫ વાગ્યે પ્રધાનમંત્રી બેટ દ્વારકા મંદિરમાં પૂજા-અર્ચનાઅને દર્શન કરશે. આ પછી સવારે ૮:૨૫ વાગ્યે સુદર્શન સેતુની મુલાકાત લેવામાં આવશે. ત્યાર બાદ તેઓ સવારે ૯:૩૦ વાગ્યે દ્વારકાધીશ મંદિરના દર્શન કરશે. પ્રધાનમંત્રી બપોરે લગભગ ૧ વાગે દ્વારકામાં રૂ. ૪૧૫૦ કરોડથી વધારેનાં મૂલ્યની વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. ત્યારબાદ બપોરે ૩:૩૦ વાગ્યે પ્રધાનમંત્રી એઈમ્સ રાજકોટની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી સાંજે ૪:૩૦ વાગ્યે રાજકોટનાં રેસકોર્સ મેદાનમાં રૂ. ૪૮,૧૦૦ કરોડથી વધારે મૂલ્યનાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનું ઉદઘાટન,લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

પ્રધાનમંત્રીએ દ્વારકામાં

દ્વારકામાં એક જાહેર સમારંભમાં પ્રધાનમંત્રી ઓખાની મુખ્ય ભૂમિને જોડતા સુદર્શન સેતુ અને આશરેરૂ. ૯૮૦કરોડનાં ખર્ચે નિર્મિત બેટ દ્વારકા ટાપુ દેશને અર્પણ કરશે. આ લગભગ ૨.૩૨ કિમીનો દેશનો સૌથી લાંબો કેબલ સ્ટેઈડ બ્રિજ છે. સુદર્શનસેતુમાંએક અનોખીડિઝાઈન છે, જેમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકોથી શણગારેલીફૂટપાથ અને બંને તરફ ભગવાન કૃષ્ણની છબીઓછે. તેમાં ફૂટપાથના ઉપરના ભાગો પર સોલર પેનલ્સ પણ લગાવવામાં આવી છે,જે એક મેગાવોટ વીજળી ઉત્પન્ન કરે છે. આ પુલથી પરિવહનમાં સરળતા રહેશે અને દ્વારકા અને બેટ-દ્વારકા વચ્ચે મુસાફરી કરતાભક્તોના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે. પુલના નિર્માણ પહેલા યાત્રાળુઓને બેટ દ્વારકાપહોંચવા માટેબોટ પરિવહન પર આધારરાખવો પડતોહતો. આ આઇકોનિક બ્રિજ દેવભૂમિ દ્વારકાના મુખ્ય પર્યટક આકર્ષણ તરીકે પણ કામ કરશે. પ્રધાનમંત્રી વાડીનારમાં પાઈપલાઈન પ્રોજેક્ટ સમર્પિત કરશે, જેમાં હાલની ઓફશોર લાઈનનું રિપ્લેસમેન્ટ સામેલ છે, હાલની પાઈપલાઈન એન્ડમેનીફોલ્ડ (પીએલઈએમ)ને પડતી મૂકવામાં આવશે તથા નજીકનાંનવા સ્થળેસંપૂર્ણ સિસ્ટમ (પાઈપલાઈન્સ,પીએલઈએમ અને ઈન્ટરકનેક્ટિંગ લૂપ લાઇન)નું સ્થળાંતર થશે. પ્રધાનમંત્રી રાજકોટ-ઓખા, રાજકોટ-જેતલસર-સોમનાથ અને જેતલસર-વાંસજલિયા રેલ વિદ્યુતીકરણ પરિયોજનાઓ દેશનેસમર્પિત કરશે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાજમાર્ગ – ૯૨૭ડીના ધોરાજી-જામકંડોરણા-કાલાવડ સેક્શનને પહોળું કરવા માટે શિલારોપણ કરશે. જામનગર ખાતે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર; સિક્કા થર્મલ પાવર સ્ટેશન, જામનગરમાં ફ્લુ ગેસ ડિસલ્ફ્યુરાઇઝેશન (એફજીડી) સિસ્ટમ ઈન્સ્ટોલેશન વગેરેનો પણ સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી ઇએસઆઇસીનાં ૨૧ પ્રોજેક્ટનું ઉદઘાટન અને લોકાર્પણ કરશે

પ્રધાનમંત્રી નવી મુન્દ્રા-પાણીપત પાઇપલાઇન પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે

પ્રધાનમંત્રીરાજકોટમાં

પ્રધાનમંત્રી રાજકોટમાં જાહેર સમારંભમાંસ્વાસ્થ્ય, માર્ગ, રેલવે, ઊર્જા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, પ્રવાસન જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને આવરી લેતી રૂ. ૪૮,૧૦૦ કરોડથી વધારેની કિંમતની વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. દેશમાં તૃતિયક સ્વાસ્થ્ય સંભાળને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાંપ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી રાજકોટ (ગુજરાત), બઠિંડા (પંજાબ), રાયબરેલી (ઉત્તરપ્રદેશ), કલ્યાણી (પશ્ચિમ બંગાળ) અને મંગલાગિરી (આંધ્રપ્રદેશ) ખાતે પાંચ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)દેશને અર્પણ કરશે. પ્રધાનમંત્રી ૨૩ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોમાં રૂ. ૧૧,૫૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં ૨૦૦થી વધારે હેલ્થ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરપ્રોજેક્ટનું શિલારોપણ પણ કરશે અને દેશને સમર્પિત કરશે. પ્રધાનમંત્રી પુડુચેરીનાં ક ૨ ા ઈ ક લ મ ા જેઆઈપીએમઈઆરની મેડિકલ કોલેજ અને પંજાબનાં સંગરુરમાં પોસ્ટ ગ્રેજ્યુએટઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ એન્ડએજ્યુકેશનલ રિસર્ચ (પીજીઆઈએમઈઆર)નાં ૩૦૦ પથારીવાળા સેટેલાઈટ સેન્ટરનું લોકાર્પણ કરશે. તેઓ પુડુચેરીનાં યાનમખાતે જેઆઈપીએમઈઆર નાં ૯૦ બેડ ધરાવતાં મલ્ટિ સ્પેશિયાલિટી કન્સલ્ટિંગ યુનિટનું ઉદઘાટન કરશે. આ ઉપરાંત ચેન્નાઈમાં નેશનલ સેન્ટર ફોર એજિંગ; બિહારનાપૂર્ણિયામાંનવી સરકારી મેડિકલ કોલેજ; આઈસીએમઆરના ૨ ફિલ્ડ યુનિટ્સ એટલે કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી કેરાલા યુનિટ, અલાપ્પુઝા, કેરળ ખાતેઅને નેશનલઈન્સ્ટિટ્યૂટ ઑફ રિસર્ચ ઈન ટ્યુબરક્યુલોસિસ (એનઆઈઆરટી): ન્યૂ કમ્પોઝિટ ટીબી રિસર્ચ ફેસિલિટી, તિરુવલ્લુર, તમિલનાડુ વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી પંજાબનાં ફિ ૨ ો ઝ પ ુ ૨ મ ા પીજીઆઈએમઈઆરનાં ૧૦૦ પથારીધરાવતા સેટેલાઈટ સેન્ટર સહિત વિવિધ સ્વાસ્થ્યલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસકરશે જેમાં આરએમએલ હોસ્પિટલ, દિલ્હીમાં નવી મેડિકલ કોલેજનું બિલ્ડિંગ; રિમ્સ, ઈમ્ફાલમાંક્રિટિકલ કેરબ્લોક; ઝારખંડમાંકોડરમાઅને દુમકાખાતે નર્સિંગકોલેજો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અભિયાન અને પ્રધાનમંત્રી આયુષ્માન ભારત સ્વાસ્થ્ય માળખાગત મિશન (પીએમ-અભિએમ) હેઠળ પ્રધાનમંત્રી ૧૧૫ પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ પણ કરશે. તેમાં પીએમ-અભિએમ (ક્રિટિકલ કેર બ્લોક્સના ૫૦યુનિટ, ઈન્ટિગ્રેટેડ પબ્લિક હેલ્થ લેબના ૧૫ યુનિટ, બ્લોક પબ્લિક હેલ્થ યુનિટ્સના ૧૩ યુનિટ) હેઠળ ૭૮ પ્રોજેક્ટ્સ સામેલ છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અભિયાન અંતર્ગત સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર, પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર, મોડલ હોસ્પિટલ, ટ્રાન્ઝિટ હોસ્ટેલ વગેરે જેવા વિવિધ પરિયોજનાઓનાં ૩૦ એકમો સામેલ છે. પ્રધાનમંત્રી પૂણેમાં 'નિસર્ગ ગ્રામ' નામની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ નેચરોપેથીનું પણ ઉદઘાટન કરશે. તેમાં નેચરોપેથી મેડિકલ કોલેજની સાથે ૨૫૦ પથારી ધરાવતી હોસ્પિટલ અને મલ્ટિ-ડિસિપ્લિનરી રિસર્ચ એન્ડ એક્સટેન્શન સેન્ટર સામેલ છે. ઉપરાંત તેઓ હરિયાણાના ઝજ્જરમાં રિજનલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઑફ યોગ એન્ડ નેચરોપેથીનું પણ ઉદઘાટન કરશે. તે સર્વોચ્ચ સ્તરની યોગ અને નિસર્ગોપચારની સંશોધન સુવિધાથી સજ્જ હશે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી આશરે રૂ. ૨૨૮૦ કરોડનાં મૂલ્યનાં કર્મચારી રાજ્ય વીમા નિગમ (ઇએસઆઇસી)નાં ૨૧ પ્રોજેક્ટનું ઉદઘાટન અને લોકાર્પણ કરશે. દેશને સમર્પિત કરવામાં આવેલા પ્રોજેક્ટસમાં પટણા (બિહાર) અને અલવર (રાજસ્થાન)માં ૨મેડિકલ કોલેજો અને હોસ્પિટલો સામેલ છે. કોરબા (છત્તીસગઢ), ઉદયપુર (રાજસ્થાન), આદિત્યપુર (ઝારખંડ), ફૂલવારી શરીફ (બિહાર), તિરુપ્પુર (તમિલનાડુ), કાકીનાડા(આંધ્રપ્રદેશ) અને છત્તીસગઢના રાયગઢ અને ભિલાઈમાં ૮ હોસ્પિટલો; અને રાજસ્થાનના નીમરાણા, આબુરોડ અને ભીલવાડામાં ૩ દવાખાનાઓ હતા. રાજસ્થાનમાં અલવર, બેહરોર અને સીતાપુરા, સેલાકી (ઉત્તરાખંડ), ગોરખપુર (ઉત્તરપ્રદેશ), કેરળમાંકોરાટ્ટી અને નવેકુલમ તથા પાયદિભિમાવરમ (આંધ્રપ્રદેશ)માં ૮ સ્થળોએ ઈએસઆઈ ડિસ્પેન્સરીઓનું ઉદઘાટન પણ કરવામાંઆવશે. આ વિસ્તારમાં પુનઃપ્રાપ્ય ઊર્જાનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનાં એક પગલાં સ્વરૂપે પ્રધાનમંત્રી ૩૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા ભૂજ-૨ સૌર ઊર્જાપ્રોજેક્ટ સહિત પુનઃપ્રાપ્ય ઊર્જાનાંવિવિધ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરશે; ગ્રિડ કનેક્ટેડ ૬૦૦ મેગાવોટનો સોલાર પીવી પાવર પ્રોજેક્ટ; ખાવડા સોલાર પાવર પ્રોજેક્ટ; ૨૦૦ મેગાવોટનો દયાપુર-૨ વિન્ડ એનર્જી પ્રોજેક્ટ વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી રૂ. ૯,૦૦૦ કરોડથી વધારેનાં મૂલ્યની નવી મુન્દ્રા-પાણીપત પાઈપલાઇન પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે. ૮.૪ એમએમટીપીએની સ્થાપિત ક્ષમતા ધરાવતી ૧૧૯૪ કિલોમીટર લાંબી મુન્દ્રા-પાણીપત પાઇપલાઇનને ગુજરાતના દરિયાકિનારે મુન્દ્રાથી હરિયાણાના પાણીપત ખાતે ઈન્ડિયન ઓઈલની રિફાઈનરી સુધી ક્રૂડ ઓઈલનું પરિવહન કરવાનું કામ શરૂ કરવામાંઆવ્યું હતું. આ વિસ્તારમાં માર્ગ અને રેલવેની માળખાગત સુવિધાને સુદૃઢ કરીને પ્રધાનમંત્રી સુરેન્દ્રનગર-રાજકોટ રેલવે લાઈનનાંડબલિંગનું લોકાર્પણ કરશે. જૂના એનએચ-૮ઈના ભાવનગર-તળાજા (પેકેજ-૧)નું ફોર લેનિંગ; એનએચ-૭૫૧નું પીપળી-ભાવનગર (પેકેજ-૧) તેઓ રાષ્ટ્રીય રાજમાર્ગ – ૨૭નાં સામખિયાળીથી સાંતલપુર સેક્શનનાં પાકા ખભા સાથે છ લેનનાં પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે.

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

વિધાનગર સ્થિત શ્રી યુવા કોળી પટેલ સેના દ્વારા આયોજીત પ્રથમ ૬ નવ દંપતિઓના સમૂહ લગ્નોત્સવ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલે ઉપસ્થિત રહીં નવદંપતિઓને સમૃદ્ધ દામ્પત્યજીવનના આશિષ પાઠવ્યા.

કમલમ્ ન્યુઝ,

આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ માટે ભગવાનને અપાતી પવિત્ર આહુતિઓ એટલે યજ્ઞ. કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે નવી મુંબઈ ખાતે ગાયત્રી પરિવાર દ્વારા આયોજિત મુંબઈ અશ્વમેઘ મહાયજ્ઞમાં સહ પરિવાર સંમિલિત થઈ ગુરુજનોના પ્રવચન રૂપી આશીર્વાદ મેળવવાનો અવસર પ્રાપ્ત થયો. આ અવસરે સમગ્ર વિશ્વમાં પ્રકૃતિને પુનઃસ્થાપિત કરનાર શ્રી રામ શર્મા આચાર્યજી અને ભારતીય સંસ્કૃતિમાતા ભગવતીજીના ચરણોમાં મારા વંદન. આ પ્રસંગે સાથે ગાયત્રી પરિવાર ના રામજી ભાઈ સહીત મોટી સંખ્યામાં ગાયત્રી પરિવાર ના ઉપાશકો ઉપસ્થિત રહ્યા હતા

કલોલ ધારાસભ્ય શ્રી બકાજી ઠાકોર દ્વારા ૧૦૦ થી વધુ લોકોને ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરાવી પાર્ટીમાં જોડ્વામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,

કલોલ તાલુકાના ગોલથરા ગામ કલોલ વિધાનસભા નાં લોકપ્રિય ધારાસભ્ય શ્રી બકાજી ઠાકોર દ્વારા ગોલાથરા ગામના પૂર્વ સરપંચ શ્રી ઈશ્વરજી ઠાકોર તથા તેમની સાથે ૧૦૦ થી વધુ લોકોને ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરાવીપાર્ટીમાંજોડવામાં આવ્યા. જે પ્રસંગે માનનીય ધારાસભ્ય શ્રી બકાજી ઠાકોર તેમજ તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી શકરાજી ઠાકોર અને જીલા ભાજપ સંગઠન મહામંત્રી શ્રી રાજુભાઈ પટેલ, ગોલથરાતાલુકા પંચાયતના સદસ્ય શ્રી શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યાં હતાં.

ગોલાથરા ગામમાં ગ્રામજનોમાં એક ઉલ્લાસનું વાતાવરણ સર્જાયું હતું. માનનીય ધારાસભ્ય શ્રી બકાજી ઠાકોરે ગ્રામજનોને વિકાસ ની ગેરંટી આપી હતીતેમજ માનનીયપ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબનાં રૂપમાં એક એવા વૈશ્વિક નેતા ભારતને મળ્યાછે જેમનામાટે દુનિયાભરનાં લીડરોપણ કહે છે કે-મોદીજે બોલે છે, એકરીને બતાવેછે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની ગેરંટી પર જનતાને વિશ્વાસ છે ! આ વાત સમજાવી હતી.

ગામ નો સર્વાંગી વિકાસ થાય અને જન જન સુધી દેશની વિકાસ ગાથા પહોંચે, કેન્દ્ર અને રાજ્ય સરકાર ની યોજનાઓનો ગામમાં છેવાડા ના માનવી સુધી લાભ પહોંચ્યો છે. જેના કારણે કલોલ વિધાનસભામાં સમાવિષ્ઠ આ ગામ ના લોકોએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ની કેન્દ્ર સરકાર, તેમજ ગુજરાત માં ભૂપેન્દ્ર પટેલ સરકાર, તેમજ ધારાસભ્ય શ્રી બકાજી ઠાકોરની કામગીરી ને નિહાળી આજે પાર્ટીમાં પ્રવેશ કર્યો હતો. અને આગામી સમયમાં ગામ ના સર્વાંગી વિકાસ નો સંકલ્પ કર્યો હતો.

જે.બી. ધારુકાવાલા મહિલા આર્ટસ કોલેજ,સુરત અને પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ,અમરોલી વચ્ચે સમજૂતી પત્ર (MOU) થયું

કમલમ્ ન્યુઝ,

શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સંચાલિત, જે.બી. ધારુકાવાલા મહિલા આર્ટસ કોલેજ, બી કોમ (ઈંગ્લીશ મીડીયમ) એડિશનલ ડિવિઝન સેલ્ફ ફાઈનાન્સ (ફોર વિમેન્સ),વરાછા રોડ,સુરત અને જીવનજ્યોત ટ્રસ્ટ સંચાલિત, પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી. એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી,સુરત વચ્ચે સમજૂતી પત્ર (MOU) પર ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ જે.બી. ધારુકાવાલા કોલેજ ખાતે સહી થઈ.

સમજૂતી પત્ર (MOU) સમયે માનનીયશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજય, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી,સુરત મહાનગર પાલિકા તેમજ જે.બી. ધારુકાવાલા કોલેજ ના સંચાલક મંડળ ના સભ્ય હાજર રહિયા હતા. માનનીયશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજય, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ આ કાર્યને બિરદાવી શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન મળે તે માટે ઘણું જ મહત્વનું ગણાવ્યુંહતું. MOU ની મુખ્ય વિશેષતાઓ જેવીકે સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ માંજોડાવું ,ફેકલ્ટી એક્સચેન્જ અંતર્ગત બંને કોલેજ વચ્ચે ફેકલ્ટીનાસભ્યો ના વિચાર, કુશળતા અને અનુભવનો ઉપયોગ કરવો, સુવિધા નોઉપયોગ અંતર્ગત - બંને કોલેજની લાઈબ્રેરી, લેબ સહિતની સુવિધા સંશોધકો અને વિદ્યાર્થીઓ ઉપયોગ કરશે જેથી સંશોધન અને ગુણવત્તામાં વધારો થશે. સ્ટુડન્ટ ઈન્ટર્નશીપઅંતર્ગત -વિદ્યાર્થીઓને ઈન્ટનશિપઅને હેન્ડ ઓન પ્રોજેક્ટની ટક વધુ મળશે. સેમિનાર અને કોન્ફરન્સ અંતર્ગત -વિદ્યાર્થીઓ, સંશોધકો અને અધ્યાપકો માટે સેમિનાર અને કોન્ફરન્સનું આયોજન કરી શકાશે. ધારુકા કોલેજના પ્રિન્સિપાલ ડૉ.દિલીપભાઈ એલ. વરસાણીએ જણાવ્યું કે ભાગીદારીથી સંશોધન અને વિકાસના કાર્યને આગળ વધારવાનું એક મહત્વનું આ પગલું છેજ્યારે અમરોલીસેલ્ફ ફાઈનાન્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીએ જણાવ્યું કે આ એમઓયુ એ સહયોગ અને નવીનતા ની એક ચાવી છે બંને સંસ્થાના સંયુક્ત કામગીરીથી શૈક્ષણિક પ્રગતિ અને સમાજ સુધારા માટે અર્થપૂર્ણ યોગદાન આપી શકાશે.

દેશની બેંકિંગ વ્યવસ્થામાં ખાનગી સેકટરની નવી બેંકોનો મહત્વનો ફાળો - પ્રો. ડો. ચંદ્રેશ મહેતા

શ્રી જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી એસ. એ. એસ. કોલેજના અધ્યાપક પ્રો.ચંદ્રેશ મહેતા એ "અ કમ્પેરેટીવ એનાલીસીસ ઓફ નોન - પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) ઓફ ન્યૂ પ્રાઈવેટ સેકટર બેંક્સ ઈન ઈન્ડિયા" વિષય પર મહત્વનું સંશોધન કર્યું.

કમલમ્ ન્યુઝ,

શ્રી જે.ડી. ગાબાણી કોમર્સકોલેજ એન્ડ શ્રી એસ. એ. એસ. કોલેજના અધ્યાપક પ્રો. ચંદ્રેશ મહેતાએ "અ કમ્પેરેટીવ એનાલીસીસ ઓફ નોન -પર્ફોર્મિંગએસેટ્સ (એનપીએ) ઓફ ન્યૂ પ્રાઈવેટ સેકટર બેંક્સ ઈન ઈન્ડિયા" વિષય પરઅખંડ આનંદઆર્ટસએન્ડ કોમર્સ કોલેજના પ્રિ.ડો. રૂપાલી એ. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ. ડી. પૂર્ણ કર્યું.પ્રો.ડો. ચંદ્રેશમહેતા એમનું સંશોધન પૂજ્ય માતા,પિતા અને ગુરુજનોને તેમજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીને સમર્પિત કરે છે. આ સંશોધનમાં મદદ કરનાર સૌનો તેમજ વીર નર્મદદક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો પ્રો. ચંદ્રેશ મહેતા આભાર વ્યક્ત કરે છે. આ સંશોધન દેશની બેંકિંગ વ્યવસ્થાની સંગીનતા માટે ખુબજ મહત્વનું છે. પ્રો. ચંદ્રેશ મહેતા સંશોધનના મુખ્ય તારણો અને સૂચનો આર.બી.આઇ તેમજ ભારત સરકારના નાણા મંત્રાલયને પણ મોકલવાના છે. પ્રો.ડો. ચંદ્રેશ મહેતાનાસંશોધનના કેટલાંક મહત્વના તારણો અને સૂચનો નીચે મુજબ છે:

તારણો:

1. HDFC બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને DCB બેંકેઅસ્કયામતોની ગુણવત્તાના સંદર્ભમાં છેલ્લા દાયકામાં સારું પ્રદર્શન કર્યું છે.
2. ૨૦૧૨-૧૩ થી ૨૦૨૧-૨૨ ના સમયગાળા દરમિયાન ખાનગી ક્ષેત્રની નવી બેંકોમાંથી HDFC બેંક, DCB બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને કોટક મહિન્દ્રા બેંક એનપીએના સ્તરનેનિયંત્રિત કરવામાં વધુકાર્યક્ષમ કામગીરી કરી છે.
3. એનપીએ નિયંત્રણમા ICICI બેંકકરતાં HDFC બેંકની કામગીરીસારી રહી છે.
4. એક્સિસબેંક અનેયસ બેંકછેલ્લા દાયકા દરમ્યાન એનપીએને નિયંત્રિત કરવામાં નિષ્ફળ ગયા, યસ બેંકની કામગીરી એકંદરે નબળીરહીછે.
5. એનપીએની કામગીરીની દ્રષ્ટિએ ઓવરઓલ રેન્કમાં HDFC બેંકપ્રથમ ક્રમ, , ઈન્ડસઈન્ડ બેંક દ્વિતીયક્રમ તેમજ કોટક મહિન્દ્રા બેંકતૃતીય ક્રમમેળવે છે. રોકાણકારોએ રોકાણ કરતી વખતે આ બધી બાબતો જોવીજોઈએ.

સૂચનો:

1. ખાનગીક્ષેત્રની બેંકોજેમ કેએક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈબેંક અને યસ બેંકે એનપીએના સ્તરને ઘટાડવા માટે વધુ કડક ધિરાણ મૂલ્યાંકન અને આગામી વર્ષોમાં એનપીએને ઘટાડવા માટે સતત ફોલોઅપની નીતિ અમલમાં મૂકવી જોઈએ.
2. વર્ષ ૨૦૧-૨૦૧૩ થી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના દાયકા દરમ્યાન એક્સિસ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકની એનપીએની સ્થિતિ ચિંતાજનક છે. આ બેંકોએ "અસરકારક એનપીએ સંચાલન નીતિઓ" અમલમાંમૂકીને એનપીએનું પ્રમાણ ઘટાડવું જોઈએ.
3. એક્સિસ બેંક, કોટક મહિન્દ્રાબેંક અને ડીસીબી બેંકે વર્ષ ૨૦૧૨-૨૦૧૩થી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના દાયકા દરમ્યાન તુલનાત્મક રીતેઓછો પ્રોવિઝન કવરેજ રેશિયો રાખ્યો હતો જે બેંકોમાં નેટ એનપીએના પ્રમાણમાં વધારો કરે છે.એનપીએના જોખમને ઘટાડવા માટે આ બેંકોએ યોગ્ય પ્રોવિઝન કવરેજ રેશિયો જાળવીરાખવો જોઈએ.
4. છેલ્લા દાયકામાં નવી ખાનગી બેંકોમાં પણ વિલફુલ ડિફોલ્ટર્સની સંખ્યામાં વધારો થયોછે.આ બેંકોએ ખાત્રી કરવી જોઈએ કે લોન વિભાગ પાસે ગ્રાહકોની ક્રેડિટ પાત્રતાનું મૂલ્યાંકન કરવા માટે.કાર્યક્ષમ સ્ટાફ છે કે નહીં.
5. યસ બેંકે પોતાના સંશાધનો પરના જોખમને દુર કરવા તાત્કાલિક પગલા લેવા જોઈએ.
6. મૂડી પર્યાપ્તતા ગુણોત્તરના વિશ્લેષણમાં જાણવા મળ્યુ છે કે તમામ બેંકોએ આરબીઆઈના ધોરણો મુજબ મૂડી પર્યાપ્તતા ગુણોત્તર સફળતાપૂર્વક જાળવી રાખ્યો છે. આગામી સમયમાં પણ આ પ્રમાણે મૂડી પર્યાપ્તતા ગુણોત્તર જાળવી રાખવો જોઈએ.
7. કુલ અસ્કયામતો રેશિયો પર વળતરની સરખામણી દર્શાવે છે કે ડીસીબી બેંક અને યસ બેંકે અન્ય ખાનગી ક્ષેત્રની તુલનામાં કુલ સંપત્તિ પર ખૂબ જ ઓછું વળતર આપેલ છે. આ બેંકોએ સંસાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરીને કુલ સંપત્તિ પર વળતર વધારવું જોઈએ.
8. બેંકોએ મેક્રો ઈકોનોમિક ડેટા અને તેમાં ફેરફારને પણ ધ્યાનમાં લેવા જોઈએ. મંદીના સમયગાળામાં નુકસાનના જોખમને ઘટાડવા માટે બેંકોએ વિવિધ યોજનાઓ અને નીતિઓનો સમજદારીપૂર્વક અમલ કરવો જોઈએ.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028